અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ છઠ | અંક : ૫૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### યુએસ ફેડરલ રિઝર્વની બેઠક પહેલા નબળા સેન્ટિમેન્ટથી શેરબજારમાં વેચવાલી

### સેન્સેક્સમાં ૮૦૦ અને નિફ્ટીમાં ૨૩૮ પોઈન્ટનો ઘટાડો, યુએસ બોન્ડની ઉપજ ફેડરલ રિઝર્વની બેઠકના પરિણામો પહેલા ૧૬ વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા બજારો તૂટ્યા

## શેરબજારમાં કડાકો, એક જ દિવસમાં રોકાણકારોના 3 લાખ કરોડ ડૂબ્યા

। મુંબઈ, તા.૨૦ ।

શેરબજારમાં આજે મોટો ઘટાડો થયો હતો અને જોરદાર વેચવાલી જોવા મળી હતી. સેન્સેક્સ લગભગ ૮૦૦ પોઈન્ટ ઘટીને ૬૭ હજારની નીચે આવી ગયો હતો. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ ૬૬,૭૨૮ પોઈન્ટ દિવસની સૌથી નીચા સ્તરે પહોંચ્યો હતો. આ સિવાય નિફ્ટી પણ ૨૩૮ પોઈન્ટ ઘટીને ૧૯,૮૯૫ પોઈન્ટના નીચા સ્તર પર પહોંચ્યો હતો. આજે સેન્સેક્સ અને નિફ્ટીએ લગભગ ૧.૨૫ના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા. આજે શેરબજારમાં મોટો ઘટાડો થતા સેન્સેક્સ ૭૯૬ પોઈન્ટના ઘટાડા સાથે જ્યારે નિફ્ટી ૨૩૧ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો. આ સાથે સેન્સેક્સ ૬૬,૮૦૦ અને નિફ્ટી ૧૯,૯૦૧ના સ્તરે બંધ થયો હતો. બીએસઈ લિસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રુપિયા ૨.૯૫ લાખ કરોડ ઘટીને રુપિયા ૩૨૦.૦૪ લાખ કરોડ થયું છે. આજે યુએસ ફેડરલ રિઝર્વની બેઠક પહેલા નબળા સેન્ટિમેન્ટના કારણે ભારતીય શેરબજારમાં વેચવાલી જોવા મળી હતી. આજે સ્થાનિક બેન્ચમાર્ક ઈન્ડેક્સ નીચા ખુલ્યા હતા કારણકે યુએસ બોન્ડની ઉપજ અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠકના પરિણામો પહેલા ૧૬ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી.

આજે બજારમાં ઘટાડાની સ્થિતિ જોવા મળી હતી ત્યારે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી માત્ર ૭ શેર જ પોઝિટિવ ટ્રેડ કરતા જોવા મળ્યા હતા જ્યારે ૨૩ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે બેકિંગ સેક્ટરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય જો નિફ્ટીની વાત કરવામાં આવે તો ૫૦ શેરોમાંથી ૪૦ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો જ્યારે ૧૦ શેરો થોડા પોઝિટિવ ટ્રેડ કરી રહ્યા હતા. ફેડ રિઝર્વની મીટિંગમાં લેવામાં આવેલા ફેંસલાની જાહેરાત પહેલા આજે એચડીએફસી બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્ફોસિસ જેવી મોટી કંપનીઓના શેરમાં જોરદાર વેચવાલીથી ભારતીય શેરબજારમાં કડાકો બોલ્યો હતો, સ્થાનિક શેરબજારમાં ઓલ રાઉન્ડ વેચવાલી જોવા મળી. ભારતીય શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ ૭૯૬ પોઈન્ટના કડાકા સાથે ૬૬,૮૦૦.૮૪ પોઈન્ટ, નિફ્ટી ૨૩૧.૯ પોઈન્ટ ઘટીને ૧૯૯૦૧.૪૦ પોઈન્ટ અને બેંક નિફ્ટી ૫૯૫.૨૫ પોઈન્ટ ઘટીને ૪૫૩૮૪.૬૦ પોઈન્ટ પર બંધ રહ્યા હતા. બજારના ઘટાડા પાછળનું મુખ્ય કારણ બેંક નિફ્ટીમાં ઘટાડો પણ છે. આજના ટ્રેડિંગમાં, બેંક નિફ્ટી એક તબક્કે ૭૦૩ પોઈન્ટ્સ લપસી ગયો હતો. માર્કેટ કેપમાં જોરદાર ઘટાડો જોવા મળી રહ્યો છે અને ૧૮ સપ્ટેમ્બરે ભારતીય શેરબજારનું માર્કેટ કેપ ૩૨૩ લાખ કરોડ રૂપિયા હતું અને આજે તે ઘટીને ૩૨૦.૬૬ લાખ કરોડ રૂપિયા પર આવી ગયું છે. આનો અર્થ એ થયો કે આજના ટ્રેડિંગ સેશનમાં અત્યાર સુધીમાં માર્કેટ કેપ માં રૂ. ૩ લાખ કરોડથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે.



### આજે ઘટી રહેલા માર્કેટમાં રોકાણકારોના ૩ લાખ કરોડથી વધુ રૂપિયા સ્વાહા થયા

બજારના ઘટાડાની સ્થિતિ એવી છે કે સેન્સેક્સના ૩૦ શેરોમાંથી માત્ર ૭ શેરોમાં જ લીલી વૃદ્ધિ જોવા મળી રહી છે અને ૨૩ શેરોમાં ઘટાડો છે. એચડીએફસી બેંકમાં સૌથી વધુ ૩.૯૦ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે અને આ બેંકિંગ દિગ્ગજના ભારે ઘટાડાથી શેરબજાર પણ નીચે ખેંચાઈ ગયું છે કારણ કે તેનું વેઇટેજ વધારે છે. જેએસડબલ્યુ સ્ટીલ ૨.૫૬ ટકા અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૨.૧૮ ટકા ડાઉન ટ્રેડ થઈ રહી છે. અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૮૦ ટકા અને મારુતિ ૧.૬૫ ટકા લપસી ગયા છે. ટાટા સ્ટીલ ૧.૪૬ ટકાના ઘટાડા સાથે કારોબાર કરી રહ્યો છે.

**કડાકા માટે જવાબદાર કારણો**

● ભારતીય દિગ્ગજ કંપનીઓના શેરોમાં વેચવાલી ● ક્રૂડ ઓઇલના ભાવમાં સતત વધારો ● ગ્લોબલ માર્કેટ ● એફઆઈઆઈની વેચવાલી

### ન્યૂઝ બ્રિફ

### લગ્ન બાદ પતિનો સતત અસ્વિકાર મોટી માનસિક પીડાઃ દિલ્હી હાઈકોર્ટ

। નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હી હાઈકોર્ટે માન્યું કે, લગ્ન બાદ પત્ની દ્વારા પતિનો સતત અસ્વીકાર કરવો તેના માટે મોટી માનસિક પીડાનું કારણ છે. છૂટાછેડાના ફેમિલી કોર્ટના નિર્ણયને માન્ય રાખતા જસ્ટિસ સૂરેશ કુમાર કૈત અને જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાની બેન્ચે કહ્યું કે, પતિએ પોતાની જુબાનીમાં કહ્યું હતું કે, પત્નીએ એમ કહીને કરવા ચૌથનું વ્રત રાખવાનો ઈનકાર કરી દીધો કે, તે કોઈ અન્ય પુરુષને પોતાનો પતિ માને છે અને તેના માતા-પિતાએ તેની ઈચ્છા વિરુદ્ધ તેની સાથે બળજબરી પૂર્વક લગ્ન કરાવ્યા હતા. પત્નીની અરજીને ફગાવી દેતા બેન્ચે કહ્યું કે, ફેમિલી કોર્ટે પત્નીના આચરણને પતિને અત્યધિક માનસિક પીડા, દુઃખ અને ક્રૂરતાનું કારણ ગણાવ્યું છે. આ કારણોસર તે છૂટાછેડાનો હકદાર છે. આ અગાઉ ફેમિલી કોર્ટે એક પતિને તેની પત્ની દ્વારા ક્રૂરતાના આધાર પર છૂટાછેડા આપવાનો આદેશ આપ્યો હતો. બંનેના લગ્ન માર્ચ ૨૦૧૧માં થયા હતા અને લગ્નના ૬ મહિના બાદ જ અલગ રહેવા લાગ્યા હતા.

### યુપીમાં ૩૦૦૦ કરોડના ખર્ચે નવું વિધાનસભા ભવન બનશે

। લખનઉ, તા.૨૦ ।

દિલ્હીમાં નવા સંસદ ભવનની જેમ જ હવે ઉત્તરપ્રદેશ માં પણ નવી વિધાનસભા બનાવવાનો નિર્ણય લેવાયો છે. માહિતી અનુસાર પૂર્વ પીએમ અટલ બિહારી વાજપાયીની જયંતિ પર નવા વિધાનસભા ભવનની આધારશિલા મૂકાઈ શકે છે. તેના નિર્માણ કાર્ય માટે આશરે ૩૦૦૦ કરોડનો ખર્ચો કરાશે. માહિતી અનુસાર આ વિધાનસભાના નવા ભવનનું નિર્માણ નિરામન દારુલશફા અને આજુબાજુના ક્ષેત્રોને મિલાવીને કરાશે. યોગી સરકાર રાજધાની લખનઉમાં નવી વિધાનસભા બનાવશે. આ વર્ષના અંતે ડિસેમ્બર મહિનામાં જ નવી વિધાનસભાનો પાયો નખાઈ શકે છે અને ૨૦૨૭ સુધી નિર્માણકાર્ય પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. સરકાર ૨૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ અટલ બિહારી વાજપાયીના જન્મદિવસે પીએમ મોદીના હસ્તે તેનો શિલાન્યાસ કરાવવા માગે છે.

### હવે આ બિલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે

## મહિલા અનામત બિલ પાસ, લોકસભાએ ઐતિહાસિક બિલને આખરે મંજૂરી આપી

### અમિત શાહ, સ્મૃતિ ઈરાની, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સુપ્રિયા સુલે સહિત ઘણા સાંસદોએ પોતાની વાત રજૂ કરી

। નવી દિલ્હી, તા.૨૦ ।

મહિલા અનામત બિલ (નારી શક્તિ વંદન અધિનિયમ બિલ) લોકસભા દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે. બિલ પર મતદાન સ્લિપ દ્વારા કરવામાં આવ્યું હતું. બિલની તરફેણમાં ૪૫૪ વોટ પડ્યા જ્યારે તેની વિરુદ્ધ બે વોટ પડ્યા. વોટિંગ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ હાજર રહ્યા હતા. હવે આ બિલ રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. બુધવારે (૨૦ સપ્ટેમ્બર) સંસદના વિશેષ સત્રમાં લગભગ ૬૦ સાંસદોએ મહિલા અનામત બિલ પર ચર્ચામાં ભાગ લીધો હતો.



આ દરમિયાન મોટા ભાગની વિપક્ષી પાર્ટીઓએ બિલનું સમર્થન કર્યું હતું. સાથે તેને જલ્દી લાગૂ કરવા અને ઓબીસી કોટા સામેલ કરવાની માંગ કરી હતી. તો સરકારે તેને મોટું પગલું જણાવતા કહ્યું કે વસ્તી ગણતરી અને પરિસીમન જરૂરી છે.

બિલ પર ચર્ચા દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, સ્મૃતિ ઈરાની, અર્જુન મેઘવાલ અને અન્ય નેતાઓએ વિપક્ષના દાવાઓનો જવાબ આપ્યો. વિપક્ષના પક્ષે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ચર્ચા શરૂ કરી હતી. આ પછી NCP સાંસદ સુપ્રિયા સુલે, સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ, DMK સાંસદ કનિમોઝી અને TMC સાંસદ મહુઆ મોઈત્રા સહિત અનેક મહિલા વિપક્ષી સાંસદોએ સરકાર પર નિશાન સાધ્યું.

### સ્વ. રાકેશ ઝુનઝુનવાલાનું એરલાઈન્સમાં રોકાણ

## અકાસા એરલાઈન્સના ૪૩ પાઈલોટ્સનાં અચાનક રાજીનામા, એરલાઈન્સ પર સંકટ

। મુંબઈ, તા.૨૦ ।

દિવંગત રોકાણકાર અને શેરબજારના બિગબુલ કહેવાતા રાકેશ ઝુનઝુનવાલાના રોકાણ હેઠળની એરલાઈન્સ અકાસા એરલાઈન્સ ગંભીર સંકટ સામે ઝઝૂમી રહી છે. ખાનગી સેક્ટરની આ એરલાઈન્સ કંપનીના ૪૩ પાઈલટોએ અચાનક રાજીનામું આપી દીધું છે અને તેની જાણકારી ખુદ એરલાઈન્સે દિલ્હી હાઈકોર્ટને આપી હતી. આ પાઈલટોના રાજીનામા આપવાથી કંપની સંકટમાં મૂકાઈ છે અને તે



બંધ થવાની અણીએ પહોંચી ગઈ છે. અકાસા એરલાઈન્સનો પક્ષ રજૂ કરતાં વકીલે દલીલ કરી હતી કે જે પાઈલટ અચાનક કંપનીમાંથી રાજીનામુ આપીને જતા રહ્યા છે તેમાંથી કોઈ ફર્સ્ટ ઓફિસર કે પછી કેપ્ટને નોટિસ પીરિયડનું પાલન પણ નથી કર્યું. આ પદો માટે ક્રમશઃ ૬ મહિનાથી લઈને એક વર્ષનું નોટિસ પીરિયડ હોય છે. પાઈલટના અચાનક જતા રહેવાથી એરલાઈન્સે સપ્ટેમ્બરમાં દરરોજ ૨૪ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી હતી અને તેના લીધે કંપનીને ભારે નુકસાન વેઠવું પડી રહ્યું છે. એરલાઈન્સ કંપની વતી જણાવાયું કે ઓગસ્ટમાં અમે આશરે ૬૦૦ ફ્લાઈટ્સ રદ કરી હતી અને જો આ જ રીતે પાઈલટ એરલાઈન્સ છોડીને જતા રહેશે તો સપ્ટેમ્બરમાં પણ ૬૦૦ થી ૭૦૦ ફ્લાઈટ્સ રદ કરવી પડી શકે છે.

### રામ મંદિરના દરવાજા પર ગોલ્ડ પ્લેટિંગની પ્રક્રિયા શરૂ

## અયોધ્યા રામમંદિરમાં સોના જડિત દરવાજા લગાવાશે

। અયોધ્યા, તા.૨૦ ।

અયોધ્યાના રામ મંદિરના દરવાજા પર ગોલ્ડ પ્લેટિંગની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગર્ભગૃહમાં સ્થાપિત થનારા સૌથી મોટા દરવાજા સહિત ૧૦ દરવાજાઓના ફિટિંગની ટ્રાયલ પણ પૂરી થઈ ગઈ છે. સોનાના જડતરના કારીગરોએ દરવાજાની ફિટિંગનું પરીક્ષણ પણ કર્યું હતું. અત્યાર સુધી જે દરવાજાઓનું નિર્માણ થઈ ચુક્યું છે તેમના પર સોનું લગાવવા માટે મોલ્ડિંગ બનાવવાનું પણ શરુ કરી દેવાયું છે. મોલ્ડિંગ પહેલા આ દરવાજા પર કોતરણીનું કામ કરવામાં આવ્યું છે. જે પછી સોનું લગાવવા માટે દરવાજા પર મોલ્ડ બનાવવામાં આવી રહ્યા છે. આ કામ દિલ્હીના ચાર કારીગરો કરી રહ્યા છે. દરવાજા પર ગોલ્ડ પ્લેટિંગનું કામ નવેમ્બર મહિનામાં



પૂરું થઈ જશે. આ સાથે જ આને છેલ્લે નિર્ધારિત જગ્યાએ સ્થાપિત કરવામાં આવશે. રામ મંદિરના તમામ દરવાજા મહારાષ્ટ્રના જંગલોના સાગના લાકડામાંથી બનાવવામાં આવ્યા છે. હૈદરાબાદના કારીગરો તેમને રામસેવક પુરમમાં બનાવી રહ્યા છે. દરવાજા પર બની રહેલા મોલ્ડ પર પહેલા કોપરનું લેયર ફીટ કરવામાં આવશે ત્યાર પછી તેના પર સોનાનું લેયર લગાવવામાં આવશે.

એક્ઝિક્યુટિવ બોડીના એક અધિકારીના જણાવ્યા અનુસાર રામ મંદિરમાં પહેલા કુલ ૪૨ દરવાજા લગાવવાના હતા, પરંતુ હવે તેમાં વધુ ચાર દરવાજા લગાવવામાં આવશે. ગ્રાઉન્ડ ફ્લોરમાં દરવાજાઓની મહત્તમ સંખ્યા ૧૮ હશે. ગ્રાઉન્ડ ફ્લોર પર બે સીઢીઓ બનાવવામાં આવી રહી છે. આ સીઢીઓ સામે બે-બે દરવાજા લગાવવામાં આવશે. તેણે વધુમાં જણાવ્યું હતુ કે, 'જે દરવાજા બની ચુક્યા છે તેમને મંદિરમાં લગાવવાનું ટ્રાયલ અલગ અલગ તબક્કામાં પૂરું કરવામાં આવી રહ્યું છે. અંતિમ તબક્કામાં ગોલ્ડ પ્લેટિંગના કારીગરો પણ હાજર હોય છે.



આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743

## પત્રકાર સંમેલન સમારોહ

"ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત"દ્વારા તારીખ ૨૪/૦૯/૨૦૨૩ રવિવારનાં રોજ મહિસાગર જિલ્લાનાં સંતરામપુર ખાતે આવેલ નગરપાલિકા હોલમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવેલ છે જેમાં મહિસાગર જિલ્લાનાં પત્રકારોને સંમાનિત કરવામાં આવશે.

**અતિથી વિશેષ**

ડો. કુબેરભાઈ મનુસખભાઈ ડીંડોર કેબીનેટ મંત્રી, પ્રાથમિક માધ્યમિક પ્રૌઢ શિક્ષણ, ગુજરાત સરકાર

સુરેશ આર. પટેલ એડીટર - ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત (દૈનિક સમાચાર પત્ર)

**મુખ્ય મહેમાન**

શ્રી ભાવિન પંડ્યા
કલેક્ટર મહિસાગર

શ્રી જયદિપસિંહ ડી. જાડેજા
એસ.પી. મહિસાગર

શ્રી દશરથ બારીયા
બીજેપી પાર્ટી પ્રમુખ મહિસાગર

શ્રી બાબુભાઈ કે. પટેલ
જિલ્લા પંચાયત પ્રમુખ મહિસાગર

શ્રી બી.ઝેડ. પટેલીયા
બીજેપી પાર્ટી પ્રમુખ સંતરામપુર

શ્રી ધવલ સંગાડા
મામલદાર સંતરામપુર

શ્રી હરીષભાઈ વળવઈ
તા. પં. પ્રમુખ સંતરામપુર

શ્રીમતી મંગુબેન ભરતભાઈ માલીવાડ
તા. પં. પ્રમુખ કડાણા

શ્રી દિપસિંહભાઈ હઠીલા,
ચીફ ઓફિસર સંતરામપુર

**પત્રકાર**

સંતોષ જી. જોષી
પી.એન. પટેલ
અમીતકુમાર આર. ધોબી
ઓમકારસિંહ પી. ચૌહાણ
ભરતકુમાર એ. પંડ્યા

### ફ્લોટિંગ રેસ્ટોરા બંધ કરાઈ
# અમદાવાદ : સાબરમતી નદીમાં છોડાયું પાણી



। અમદાવાદ, તા.૨૦ ।

ધરોઈ ડેમમાં પાણીની આવક વધતાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ધરોઈ ડેમમાંથી પાણી છોડાતા સાબરમતીમાં પાણીની આવક થઈ છે. અમદાવાદની સાબરમતી નદીમાં નવા નીરની આવક થઈ છે. જેના પગલે નદી કાંઠાના વિસ્તારોને એલર્ટ કરાયા છે, જ્યારે સુરક્ષાને ધ્યાને રાખીને ફ્લોટિંગ રેસ્ટોરા બંધ કરાઈ છે. સ્થિતિ સામાન્ય બનતા ફ્લોટિંગ રેસ્ટોરા ફરી શરૂ થશે.

સાબરમતી નદીની સપાટી વધતા AMC દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. સુરક્ષાને ધ્યાને રાખીને ફ્લોટિંગ રેસ્ટોરા બંધ કરાઈ છે. ટેકનિકલ ટીમ સાથે પરામર્શ બાદ નિર્ણય લેવાયો છે. હાલની સ્થિતિ રિવર ક્રૂઝ માટે પ્રતિકુળ જણાતા નિર્ણય લેવાયો છે. આગામી સમયમાં વરસાદ રહેશે તો રિવર ક્રૂઝ બંધ રહેશે. સ્થિતિ સામાન્ય બનતા ફ્લોટિંગ રેસ્ટોરા ફરી શરૂ થશે.

ધરોઈ ડેમમાંથી પાણી છોડવામાં આવતાં સાબરમતી નદીમાં આવક થઈ છે. જેના પગલે વાસણા બેરેજના ગેટ ખોલી ૧૮ હજાર ક્યુસેક પાણી છોડાયું છે. મોડી રાતથી વાસણા બેરેજનું જળસ્તર ૧૨૭ ફૂટ કરાયું છે. પાણી છોડાતા નદી કાંઠામાં અલર્ટ અપાયું છે.

અમદાવાદના ઉપરવાસથી સાબરમતીમાં નવા નીરની આવક થઈ છે. સતત પાણીની આવકને પગલે વાસણા બેરેસના દરવાજા ખોલાયા છે. ૧૫ દરવાજા ખોલીને ૧૮ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડાયું છે. વાસણા બેરેજનું જળસ્તર ૧૨૭ ફૂટ કરવામાં આવ્યું છે. પાણી છોડાતા નદી કિનારાના વિસ્તારોમાં તંત્રનું અલર્ટ છે. કિનારા વિસ્તારમાં ન જવા માટે લોકોને અપીલ કરાઈ છે. ધરોઈ ડેમ હાલ ૯૨.૪૦ ટકા ભરાયો છે, ડેમની ભયજનક સપાટી ૬૨૨ અને તેની સામે હાલની સપાટી ૬૨૦.૦૭ ફૂટ છે.

### ગુજરાતમાં વરસાદનું જોર ઘટ્યું
# રાજ્યમાં સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર

। અમદાવાદ, તા.૨૦ ।

રાજ્યભરમાં ભારે વરસાદને પરિણામે સર્જાયેલી સ્થિતિને પૂર્વવત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ સમગ્ર તંત્ર એલર્ટ મોડ પર રહીને આપદા પ્રબંધન માટે સુસજ્જતા સાથે કામ કરી રહ્યું છે.

રાજ્યમાં ગત ૩-૪ દિવસોના પ્રમાણમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારના ૬.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં જ ૪ ઈંચથી વધુ, જ્યારે માત્ર ૩ જ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યમાં સીઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકા પૂર્ણ થયો છે, તેમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલમાં જણાવાયું છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, વરસાદ પ્રભાવિત ૯ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૬૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૮ જિલ્લાના ૧૦૭૯ લોકોને રેસક્યું કરવામાં આવ્યા છે. રેસ્કયું કામગીરી માટે વરસાદ પ્રભાવિત જિલ્લાઓમાં NDRFની ૧૦ અને SDRFની ૧૦ ટીમ ખડેપગે તહેનાત કરાઈ છે. જરૂર પડ્યે વધુ ૫ ટીમ NDRFની અને SDRFની ૧૩ ટીમ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. ભારે વરસાદને કારણે રાજ્યમાં હાઈવે તથા પંચાયત માર્ગોને જે અસર પડી છે તેને પણ ઝડપભેર મરામત કરી ફરી શરૂ કરવા તંત્ર દ્વારા ખડેપગે રહી કામગીરી કરવામાં આવી રહી છે. ભારે વરસાદને પગલે અસરગ્રસ્ત વિસ્તારોના ૧૭,૨૪૨ ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તંત્ર દ્વારા ત્વરાએ ૧૭,૧૪૯ ગામમાં વીજ પુરવઠો પૂર્વવત કરાયો છે, જ્યારે બાકીના ૯૩ ગામમાં વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, તેમ વધુમાં જણાવાયું છે.

# મહિલા અનામત બિલથી ગુજરાતને મજબૂત ફાયદો થશે
## ગુજરાત વિધાનસભામા મહિલાઓનું વર્ચસ્વ વધશે તો ગુજરાતમાંથી ૪૨માથી ૧૪ મતક્ષેત્રોમાં મહિલાઓ હશે

। ગાંધીનગર, તા.૨૦ ।

આખરે મહિલા અનામત બિલનો દિવસ આવી ગયો છે. દાયકાઓના સંઘર્ષ પછી મોદી સરકારે તેને નવી સંસદના પ્રથમ દિવસની કાર્યવાહીમાં રજૂ કરી અને આ પ્રખ્યાત અને ઐતિહાસિક બિલ પર ચર્ચા શરૂ થઈ. મહિલા અનામત બિલ પર આજે ૭ કલાક સુધી ચર્ચા થવાની છે. સવારે ૧૧ કલાકે શરૂ થશે સંસદમાં બિલ ચર્ચા શરૂ થશે. આજે સંસદમાં ચર્ચા બાદ બિલ લોકસભામાં પસાર થશે. સંસદના નવા ગૃહમાં પ્રવેશની સાથે જ જે પહેલું બિલ રજૂ કરવામાં આવ્યું, તે મહિલા અનામત બિલ છે. કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે લોકભામાં રજૂ કરેલા આ બિલનું નામ છે નારી શક્તિ વંદન અધિનિયમ. રાજ્યસભાને સંબોધન દરમિયાન પ્રધાનમંત્રીએ આ બિલને પાસ કરાવવા દરેક સાંસદને અપીલ કરી હતી. ત્યારે આ બિલથી ગુજરાતના વિધાનસભામા શું સ્થિતિ રહેશે તેના પર નજર કરવા જેવી છે.

૫૦ ટકા મહિલા અનામતવાળા ગુજરાતને ૩૩ ટકા અનામતનો મજબૂત લાભ મળશે, નવા સીમાંકન બાદ ગુજરાત વિધાનસભામાં ૭૬ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. હાલમાં ૧૮૨ બેઠકો છે, જેમાંથી ૧૩ મહિલા ધારાસભ્ય છે. પરંતુ નવા સીમાંકનથી કુલ બેઠકો ૨૩૦ ને પાર થઈ જશે. તો લોકસભામાં પણ તેની અસર જોવા મળશે. લોકસભાની કુલ બેઠકો ૮૦૦ પર પહોંચશે. તો ગુજરાતમાંથી ૪૨ માઁથી ૧૪ મતક્ષેત્રોમાં મહિલાઓ હશે.

ભારતની નવી સંસદમાં મૂકાયેલું પહેલુ બિલ એટલે મહિલા અનામત બિલ. જો આ લાગુ થયું તો ગુજરાત વિધાનસભામાં મહિલાઓ માટે ૭૬ સીટ થઈ જશે. સંસદમાં રજૂ થયેલા ૩૩ ટકા મહિલા અનામતના સુધારાથી ગુજરાતને મોટો ફાયદો થશે. કારણ કે, ૧૨ વર્ષ પહેલા જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટમીમાં તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો અને હોદ્દાઓ મહિલાઓ માટે અનામત રખાયેલા છે. આ જોતા હવે ગુજરાત વિધાનસભાને પણ અસરકારક મહિલા સાંસદો અને ધારાસભ્યો મળી શકે છે. હાલ ગુજરાત વિધાનસભામાં ૧૮૨ ધારાસભ્યોમાંથી માત્ર ૧૩ મહિલા ધારાસભ્યો છે. જે કુલ બેઠકોના માંડ ૭ ટકા છે. જ્યારે કે લોકસભામાં ૨૬ બેઠકોમાંથી ચાર બેઠકો પર મહિલા સાંસદો છે. જે ૧૯ ટકા કહેવાય. આમ, ગુજરાતમાં મહિલાઓનુ લોકપ્રતિનિધિત્વ વધશે. તમને જણાવી દઈએ કે વર્તમાન લોકસભામાં ૭૮ મહિલા સાંસદો છે, જે કુલ ૫૪૩ની સંખ્યાના ૧૫ ટકાથી પણ ઓછી છે. આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, ગોવા, ગુજરાત, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, ઓડિશા, સિક્કિમ, તમિલનાડુ, તેલંગાણા, ત્રિપુરા અને પુડુચેરી સહિતની ઘણી રાજ્યોની વિધાનસભાઓમાં મહિલા પ્રતિનિધિત્વ છે. ૧૦ ટકા કરતાં ઓછું છે.

# વરસતા વરસાદમાં ફિટનેસ ટ્રેનરને રીલ્સ બનાવવી પડી ભારે

। રાજકોટ, તા.૨૦ ।

છેલ્લા બે દિવસથી શહેરના અમીન માર્ગ રોડ પર એક ફિટનેસ ટ્રેનરની રીલ ઘણી જ વાયરલ થઈ રહી હતી.

આ અંગેનો વીડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ત્યારે વાયરલ થયેલા આ વીડિયો મામલે રાજકોટ શહેરના માલવીયા નગર પોલીસ સ્ટેશન ખાતે ફિટનેસ ટ્રેનર દીના પરમાર (ઉ.વ.૪૦) વિરુદ્ધ અંકિત નિમાવત નામના પોલીસ કોન્સ્ટેબલ દ્વારા ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે.

સમગ્ર મામલે માલવિયા નગર પોલીસને આપેલી ફરિયાદમાં પોલીસ કોન્સ્ટેબલ અંકિત નિમાવતે જણાવ્યું છે કે, ગત ૧૮ તારીખના રોજ સવારના ૦૯:૦૦ વાગ્યાના અરસામાં અમિન માર્ગ સાગર ટાવર ચોક પાસે એક બહેન જાહેર રોડ ઉપર ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે



પોતે જાહેર રોડ ઉપર યોગા કરતા હોય તે પ્રકારનો વીડિયો સોશિયલ મીડિયામાં જોવા મળ્યો હતો. જે અંતર્ગત વીડિયો વાયરલ કરનારની શોધખોળ કરતાં તેમનું નામ દીના પરમાર હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે સમગ્ર મામલે યોગા ક્લાસીસના વ્યવસાય સાથે સંકળાયેલી દીના પરમાર નામની મહિલા વિરુદ્ધ માલવિયા નગર પોલીસ સ્ટેશન ખાતે ipc ૨૮૩ મુજબ ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે ફિટનેસ ટ્રેનર દીના પરમાર નામની મહિલાનો ૧૬ સેકન્ડનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં તેણીએ ટ્રાફિકને અડચણરૂપ થઈ તે પ્રકારનો યોગા કરતો વીડિયો બનાવ્યો હતો.

તે બદલ તેણીએ માફી માંગી છે. તો સાથે જ પોતાના વીડિયોમાં તેણીએ જણાવ્યું છે કે, પોતે ટ્રાફિક નિયમનનું પાલન કરે છે. તો સાથે જ કોઈ પણ ટ્રાફિકના નિયમનનું પાલન કરવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે, અગાઉ જામનગર પોલીસ દ્વારા બેડી બંદર રોડ ઉપર જાહેરમાં ગરબાના સ્ટેપ કરનારા ગરબા ક્લાસીસના સંચાલક તેમજ કોરીયોગ્રાફર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેમજ તેમના વિરુદ્ધ જામનગર સાઈબર ક્રાઈમ દ્વારા અટકાયતી પગલા પણ લેવામાં આવ્યા હતા.

### ૯ વર્ષથી અલીગઢી તાળુ લાગેલુ છે
# મોરકંડા ગામમાં નવી બનેલી આંગણવાડી ખંડેર બની

। જામનગર, તા.૨૦ ।

જામનગરના મોરકંડા ગામમાં વર્ષો પહેલા નવી આંગણવાડી તો બની પરંતુ તેનુ તાળુ ક્યારેય ભૂલકાઓ માટે ખોલાયુ જ નહી. ગામ લોકોએ નવી આંગણવાડી માટે તંત્રને અનેક મૌખિક અને લેખિતમાં રજૂઆતો કરી પરંતુ તંત્ર દ્વારા તેના તરફ કોઈ ધ્યાન જ આપવામાં ન આવ્યુ.

નવી બનેલ આંગણવાડીને ઈમારત છેલ્લા ૯ વર્ષથી અલીગાઢી તાળુ લાગેલુ છે. જે ભૂલકાઓ માટે તેને બનાવવામાં આવી હતી એ ભૂલકાઓ માટે તેને ક્યારેય ખોલવામાં ન જ આવી. ખંડર બતા રહા હે કિ ઈમારત કિતની બુલંદ થી.. આવો જ કંઈક ઘાટ જામનગરના મોરકંડા ગામમાં ૯ વર્ષ પહેલા નવી નકોર બનેલી આંગણવાડીનો થયો છે. વર્ષ ૨૦૧૪માં ૫ લાખના ખર્ચે ભૂલકાઓ માટે નંદઘર બનાવવામાં આવ્યુ. પરંતુ તંત્ર તેને ખુલ્લી મુકવાનુ જ જાણે ભૂલી ગયુ. આંગણવાડીનું નામ પડે એટલે સહુની નજરમાં હસતાં-રમતા નાના ભૂલકાઓ નજરે પડે. જે રંગબેરંગી રમકડાથી રમી રહ્યા હોય, એકસૂરમાં મોટા અવાજે કવિતાઓ ગાઈ રહ્યા હોય પરંતુ મોરકંડા ગામે એક આંગણવાડી બની જે માત્ર નામથી જ આંગણવાડી રહી ગઈ. બાળકો માટે આ આંગણવાડીનું તાળુ ક્યારેય ખુલ્યુ જ નહીં. આ બાળકોની બદનસીબી કહો કે તંત્રની બેદરકારી. ૫ લાખના ખર્ચે બનેલી આંગણવાડી તંત્ર દ્વારા છેલ્લા ૯ વર્ષથી ખુલ્લી મુકવામાં ન આવતા આજે ખંડેર બની ગઈ છે.

દરવાજા અને દીવાલો પર વેલ ઉગી છે. ખંઢેર હાલતમાં પડેલી આ બિલ્ડીંગ જામનગરના મોરકંડા ગામની આંગણવાડી માટે બની હતી. પરંતુ આંગણવાડીના ભુલકાઓ માટે આ દરવાજા કયારેય ખુલ્યા નહી. નાના ભુલકાને આંગણવાડીમાં રમતા-રમતા શિક્ષણ મળી શકે તે માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ સ્થાનિક તંત્રની બેદરકારીના કારણે ખર્ચ તો થાય છે. પરંતુ આંગણવાડીને સવલતો મળી શકતી નથી.

### કચ્છ, મોરબીમાં રેડ એલર્ટ અપાયુ
# ગુજરાતમાં ૧૫૮ તાલુકામાં વરસાદ : સૌથી વધુ કચ્છમાં સાડા ચાર ઈંચ ખાબક્યો

। અમદાવાદ, તા.૨૦ ।

રાજ્યનાં ૧૫૮ તાલુકામાં મેઘ મહેર થવા પામી છે. જેમાં સવારે ૬ થી ૨ વાગ્યા સુધી કુલ ૧૫૮ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ રાપર તાલુકામા ૪.૫ ઈંચ નોંધાયો હતો. જ્યારે માળિયા હાટીનામાં ૩.૫ ઈંચ, હળવદ તેમજ જામનગરમાં ૩ ઈંચ, મોરબીમાં ૨.૫ ઈંચ, ટંકારામાં ૨ ઈંચ, પોરબંદર, ચોર્યાસી, નવસારી તેમજ વાંકાનેરમાં ૧.૫ ઈંચ વરસાદ નોધાયો હતો. આવતીકાલે પણ રાજ્યમાં ભારે વરસાદની આગાહીનાં પગલે કચ્છ તેમજ મોરબીમાં રેડ એલર્ટ અપાયું છે. જ્યારે સુરેન્દ્રનગર, જૂનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. તો દ્વારકા, પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રનાં અમરેલી, ગીર સોમનાથ, ભાવનગરમાં વરસાદની આગાહી છે. તો બોટાદ, અમદાવાદ તેમજ ખેડામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે ઉત્તર ગુજરાતનાં ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠામાં પણ વરસાદ પડી શકે છે. તો મધ્ય ગુજરાતનાં પંચમહાલ, દાહોદ, મહીસાગર, પંચમહાલ, આણંદ, વડોદરા, છોટાઉદેપુરમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ સહિતનાં વિસ્તારોમાં આવતીકાલે વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છનાં રાપરમાં અનરાધાર વરસાદને લઈ લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રાપર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતા રાહદારીઓ તેમજ શહેરીજનો મુશ્કેલીમાં મુકાઈ જવા પામ્યા હતા. ત્યારે વાગડ વિસ્તારમાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. રાપરનાં મુખ્ય બજારમાં વરસાદી પાણી ભરાઈ જતા વેપારીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મોરબી જિલ્લામાં અને ઉપરવાસમાં સતત વરસાદને પગલે ફરી મોરબીના સાદુંળકા ગામ પાસે આવેલ મચ્છુ-૩ ડેમ ૧૦૦ ટકા ભરાય ગયો છે

# મોરબીથી કડી જતા પરિવારની કારને ટ્રકે કચડી, ચારના મોત

। સુરેન્દ્રનગર, તા.૨૦ ।

સુરેન્દ્રનગરનો દસાડા-પાટડી હાઈવે પર આજે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના ૪ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. રૂસ્તમગઢ ગામના પાટીયા પાસે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. પરિવાર મોરબી કડી તરફ જઈ રહ્યો હતો ત્યારે આ કાળમુખી ટ્રકે તેમની કારને કચડી નાંખી હતી. જેમાં કાર રોડ પાસેના ખેતરમાં પડીકું વળીને ફંગોળાઈ હતી. હાલ મૃતદેહોને પાટડી સરકારી હોસ્પિટલ ખસેડાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબી પાસેના વિરપરાડા ગામના દરબારો સ્વીફ્ટ કારમાં સવાર થઈને કડી તરફ જઈ રહ્યા હતા. કાર દસાડા પાટડી હાઈવે તરફથી પસાર થઈ રહી હતી ત્યારે સામેથી માતેલા સાંઢની જેમ આવતી એક ટ્રકે સ્વીફ્ટ કારને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભીષણ હતી કે, કાર ફંગોળાઈને પડીકા જેવી થઈ ગઈ હતી. કાર બાજુના ખેતરમા જઈને પટકાઈ હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, રાજસ્થાન પાસિંગની ટ્રકને કારને ટક્કર મારી હતી. કારમાં સવાર ચાર લોકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિકો મદદે આવ્યા હતા, તેઓએ પોલીસને જાણ કરી હતી. જેથી દસાડા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પાટડીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મૃતકોની ઓળખાણ હજી થઈ શકી નથી પણ આરટીઓમાં આ સ્વિફ્ટ ગાડી કુલદીપસિંહ પરમારન નામે બોલતી હોવાનું ખુલવા પામ્યું છે.

# યુવતીના પામવા માટે બે યુવકો વચ્ચે ખેલાયો લોહિયાળ જંગ

। અમદાવાદ, તા.૨૦ ।

બે પ્રેમીઓની એક જ ગર્લફ્રેન્ડ કે એક યુવતીના બે પ્રેમી... આજકાલ આવા કિસ્સાઓ બહુ ચર્ચામાં છે. ત્યારે આવો જ એક કિસ્સો હાલ ચર્ચાના ચગડોળે ચઢ્યો છે. એમ કહો કે આ લવટ્રાયેન્ગલનો કિસ્સો છે. મારે જેની સાથે સંબંધ છે તેની સાથે સગાઈ કેમ કરે છે એવુ કહીને યુવતીના એક પ્રેમીએ બીજા પ્રેમી પર હુમલો કર્યો. આ સમગ્ર મુદ્દો પોલીસ સ્ટેશનમાં પહોચ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતો અંકિત ત્રિવેદી નામનો એક યુવક ગુજરાત હાઈકોર્ટમાં ડીવાયએસઓ તરીકે નોકરી છે. તેનો મિત્ર પરેશ પટેલ પણ ડીવાયએસઓ તરીકે હાઈકોર્ટમાં ફરજ બજાવે છે. અંકિત એક વર્ષ પહેલા નિયતિ નામની એક યુવતી સાથે સંપર્કમાં આવ્યો હતો. બંને વચ્ચે અવારનવાર ચર્ચા અને વાતચીત થઈ. જેથી બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા હતા. તેથી તેઓએ લગ્ન કરવાનું નક્કી કર્યુ. બંનેએ આ વાત પરિવારને કહી તો બંનેના પરિવારજનોએ લગ્ન માટે ના પાડી દીધી. જોકે, બંને વચ્ચે સંપર્ક કપાયો ન હતો. પરિવારની મંજૂરી ન હોવા છતાં બંને એકબીજા સાથે વાત કરતા હતા. આખરે બંનેની સગાઈ માટે પરિવાર માની ગોય હતો. જેથી અંકિતે તેના મિત્ર પરેશને કહ્યું કે, મારી અને નિયતિની સગાઈ નક્કી થઈ ગઈ છે. ત્યા પરેશે કહ્યું કે, મારે પણ નિયતિ સાથે સંબંધ છે.

## વિશેષ લેખ
### દરેક પૂજામાં સૌથી પહેલું સ્થાન અને દરેક શુભ કામમાં ગણેશની સ્થાપનાનું વિશેષ મહત્વ

# સૌને સુખ આપનાર સુખકર્તા અને સૌના દુઃખ હરનાર દુઃખહર્તા વિઘ્નહરતા છે ગણેશ



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

બાળગંગાધર તિલકે મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ મનાવવાની શરૂઆત કરી હતી. ત્યાર બાદ સમગ્ર ભારતમાં તેની ઉજવણી કરવાની શરૂઆત થઈ. દેવોના દેવ મહાદેવના પુત્ર ગણેશનુ દરેક પૂજામાં સૌથી પહેલું સ્થાન હોય છે. દરેક શુભ કામમાં ગણેશની સ્થાપના અને પૂજા બાદ જ નવા કામની શરૂઆત કરવામાં આવે છે. સૌ પહેલા બાળગંગાધર તિલકે મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ મનાવવાની શરૂઆત કરી હતી. ત્યાર બાદ સમગ્ર ભારતમાં તેની ઉજવણી કરવાની શરૂઆત થઈ. હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર, ગણેશ ચતુર્થીને ભગવાન ગણેશની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. મહર્ષિ વેદ વ્યાસે ભગવાન ગણેશને મહાભારત રચવા માટે આહ્વાન કર્યું હતું અને તેમને મહાભારત લખવાની વિનંતી કરી હતી. એવું કહેવાય છે કે, ગણેશ ચતુર્થીના દિવસે મહાભારતમાં વ્યાસ દ્વારા બોલાયેલા શ્લોકો લખવાનું શરૂ કર્યું અને ભગવાન ગણેશ ૧૦ દિવસ રોકાયા વિના આ લેખન કાર્ય કરતા રહ્યા. આ દરમિયાન ગણેશજી પર ધૂળ અને માટીના થર જમા થઈ ગયા હતા. ૧૦ દિવસ પછી, અનંત ચતુર્દશીના દિવસે, ગણેશ મહારાજે સરસ્વતી નદીમાં કૂદીને પોતાને શુદ્ધ કર્યા. ત્યારથી દર વર્ષે ૧૦ દિવસનો ગણેશ ઉત્સવ ઉજવવામાં આવે છે. કથાઓમાં



એવું પણ જોવા મળે છે કે, જ્યારે ભગવાન ગણેશ મહાભારત લખવાની વિનંતી કરી રહ્યા હતા ત્યારે તેમણે તેમનો એક દાંત તોડીને પોતાની કલમ બનાવી અને તેમાંથી મહાભારત લખવાનું શરૂ કર્યું. લોકો પહેલના સમયમાં પણ માટી થકી ભગવાન ગણપતિના મુર્તિ બનાવતા અને ફૂલ તેમજ વનસ્પતિ રંગો દ્વારા તેમનો શણગાર કરી લોકો ભાદરવા શુક્લ ચતુર્થીના ચોથા દિવસે મુર્તિની પુજા કરતાં હતા. દરેક ઘરે તથા પાંડાલોમાં લાવાય વાજતે-ગાજતે ગણપતિની મુર્તિને ત્યારબાદ તેને ઘરના મંદિરોમાં આવે છે અને બિરાજિત કરવામાં આવે છે.રંગોળીથી કરાય છે ઘરોમાં વિઘ્નહરતાનું સ્વાગત માટે. પુજા આરતીથી કરાય છે સવાર સાંજ ભગવાનની પુજા અને વેચાય છે લાડુનો પ્રસાદ લોકો અને ભક્તોમાં. ઉજવણી ગણેશ ચતુર્થીની તૈયારી તહેવારના લગભગ એક મહિના પહેલાથી શરૂ થાય છે. આ ઉજવણી લગભગ દસ દિવસ સુધી ચાલે છે (ભાદ્રપદ શુધ્ધ ચતુર્થીથી અનંત ચતુર્દશી સુધી). પહેલા દિવસે ઘરોમાં ભગવાન ગણેશની માટીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવે છે. ઘરો ફૂલોથી સજ્જ છે. મંદિરો મોટી સંખ્યામાં ભક્તોની મુલાકાત લે છે. પૂજા-અર્ચના કરવામાં આવે છે અને ભજન કરવામાં આવે છે. મિત્રો મિત્રો અને પરિવાર સાથે ઉત્સવની ઉજવણી કરવા માટે સ્થાનિકો પંડાલો ગોઠવે છે અને ભગવાન ગણેશની મોટી મૂર્તિઓ સ્થાપિત કરે છે. ઉજવણીના અંતિમ દિવસે શેરીઓમાં ભગવાન ગણેશની મૂર્તિ લેવામાં આવે છે. લોકો મૂર્તિની સાથે શેરીઓમાં નૃત્ય અને ગીતના રૂપમાં તેમનો ઉત્સાહ અને આનંદ પ્રદર્શિત કરે છે. આ મૂર્તિ આખરે નદી અથવા સમુદ્રમાં ડૂબી છે. આ દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તેમની ખુશી વ્યક્ત કરી તેમની પ્રાર્થના કરી રહ્યા છે.

### મહિલા અનામતની માત્ર વાતો

# દેશમાં આઝાદી પછી એક માત્ર મહિલા વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી

| નવી દિલ્હી, તા.૨૦ |



સંસદનું વિશેષ સત્ર ચાલી રહ્યું છે અને લોકસભામાં મહિલા અનામત એટલે કે નારી શક્તિ વંદન એક્ટ અંગે ચર્ચા ચાલી રહી છે. હાલમાં નવી સંસદમાં મહિલા અનામત બિલ પર ચર્ચા ચાલી રહી છે અને આશા છે કે આ બિલ પણ પસાર થઈ જશે. એક તરફ મહિલાઓ માટે અનામતની વાતો થાય છે તો બીજી તરફ દેશના મોટાભાગના રાજ્યોમાં એક મહિલા મુખ્યમંત્રી પણ નથી. આવો જાણીએ આઝાદી પછી દેશમાં કેટલી મહિલાઓ રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને મુખ્યમંત્રી બની છે.

મહિલા રાષ્ટ્રપતિ : જો આપણે મહિલા રાષ્ટ્રપતિ બનવાની વાત કરીએ તો દેશમાં અત્યાર સુધી માત્ર બે જ મહિલાઓ આ પદ માટે ચૂંટાઈ છે. દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભા દેવી સિંહ પાટીલ હતા, જેમણે ૨૫ જુલાઈ ૨૦૦૭ થી ૨૫ જુલાઈ ૨૦૧૨ સુધી આ પદ સંભાળ્યું હતું. કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ હતા. આ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્તમાન એનડીએ સરકાર દરમિયાન દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ બન્યા હતા. રાષ્ટ્રપતિ બનનાર તેઓ પ્રથમ આદિવાસી મહિલા છે.

મહિલા પ્રધાનમંત્રી : જો આપણે મહિલા પ્રધાનમંત્રીની વાત કરીએ તો દેશના એકમાત્ર મહિલા પીએમ ઈન્દિરા ગાંધી હતા. તે ભારતના ત્રીજા પ્રધાનમંત્રી હતા, જેમણે ૧૯૬૬ થી ૧૯૭૭ સુધી સતત ત્રણ વખત આ પદ સંભાળ્યું હતું. આ પછી તેણે ૧૯૮૦ થી ૧૯૮૪ સુધી ચોથી વખત આવ્યા. ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ તેમની હત્યા કરવામાં આવી હતી.

મહિલા મુખ્યમંત્રી : આ સિવાય જો આપણે મહિલા મુખ્યમંત્રીઓની વાત કરીએ તો ભારતમાં અત્યાર સુધીમાં ૧૬ મહિલા મુખ્યમંત્રી બની ચૂકી છે. કોંગ્રેસના શાસનમાં દેશના પ્રથમ મહિલા મુખ્યમંત્રી સુચેતા કૃપાલાની હતા. જેમણે ૨ ઓક્ટોબર ૧૯૬૩ના રોજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ પછી કોંગ્રેસના શાસનમાં શીલા દીક્ષિત દિલ્હીના મુખ્યમંત્રી બન્યા, જેમણે ૧૫ વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો. આ પછી એઆઈએડીએમકેના જે. જયલલિતા તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા. પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી પણ એવા લોકોમાં સામેલ છે જેમનો કાર્યકાળ લાંબો ચાલ્યો.

### ટીમ ઈન્ડિયાનો આ ખેલાડી કોર્ટમાં હાજર થયો હતો

# ભારતના સ્ટાર ફાસ્ટ બોલર શમીને મોટી રાહત મળી છે

## કોર્ટે મોહમ્મદ શમીને તેની પત્ની હસીન જહાંને ૧.૩૦ લાખ રૂપિયાનું માસિક ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો આદેશ

| નવી દિલ્હી, તા.૨૦ |





ભારતીય ક્રિકેટ ટીમ ૨૨મી સપ્ટેમ્બરથી ઓસ્ટ્રેલિયા સામે ૩ મેચની ODI શ્રેણી રમવાની છે. આ સીરીઝ માટે બંને ટીમોએ પોતાની ટીમની જાહેરાત પણ કરી દીધી છે. પરંતુ આ સીરીઝ પહેલા ટીમ ઈન્ડિયાના એક ખેલાડીએ કોટના ચક્કર લગાવવા પડ્યા હતા. આ ખેલાડી સામે ઘરેલુ હિંસાનો કેસ નોંધવામાં આવ્યો છે. જો કે આ ખેલાડીને કોટથી મોટી રાહત મળી છે. પત્ની દ્વારા દાખલ કરવામાં આવેલા ઘરેલુ હિંસા કેસમાં નીચલી અદાલતે આ ખેલાડીને જામીન આપી દીધા છે. ODI વર્લ્ડ કપ પહેલા ભારતના સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને મોટી રાહત મળી છે. કોલકાતાની નીચલી અદાલતે તેની પત્ની હસીન જહાં દ્વારા દાખલ કરવામાં આવેલા ઘરેલુ હિંસા કેસમાં તેને જામીન આપી દીધા છે. શમીના મોટા ભાઈ મોહમ્મદ હસીબને પણ એ જ કોર્ટે મંગળવારે જામીન આપ્યા હતા. તમને જણાવી દઈએ કે મંગળવારે બંને ભાઈઓ નીચલી કોર્ટમાં હાજર થયા હતા જ્યાં તેમના વકીલે જામીન અરજી દાખલ કરી હતી, જેને મંજૂર કરવામાં આવી હતી.

માર્ચ ૨૦૧૮માં મોહમ્મદ શમીની પત્નીએ ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો હતો. તેણીએ પોતાની ફરિયાદમાં શમી પર શારીરિક સતામણી કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે આ કેસમાં શમી અને તેના મોટા ભાઈની પણ પૂછપરછ કરી હતી અને બંને વિરુદ્ધ ધરપકડ વોરંટ પણ બહાર પાડ્યું હતું. જો કે, કોલકાતાની નીચલી અદાલતે તે વોરંટ પર સ્ટે આપ્યો હતો. આ પછી હસીન જહાંએ નીચલી કોર્ટના આદેશને પડકારતા કોલકાતા હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. જો કે હાઈકોર્ટે પણ નીચલી કોર્ટના આદેશને યથાવત રાખ્યો હતો. તે પછી, તેમણે હાઈકોર્ટના આદેશને પડકારતા સુપ્રીમ કોર્ટમાં ગયા, જેણે તાજેતરમાં જ કેસને એ જ નીચલી કોર્ટમાં રિમાન્ડ આપ્યો અને કેસમાં તમામ પક્ષકારોને સાંભળ્યા પછી અંતિમ નિર્ણય પર આવવાનો નિર્દેશ આપ્યો.

આ વર્ષે જાન્યુઆરીમાં કોર્ટે મોહમ્મદ શમીને તેની પત્ની હસીન જહાંને ૧.૩૦ લાખ રૂપિયાનું માસિક ભરણપોષણ ભથ્થું ચૂકવવાનો આદેશ આપ્યો હતો, જેમાં ૫૦,૦૦૦ રૂપિયા વ્યક્તિગત ભરણપોષણ તરીકે અને બાકીના ૮૦,૦૦૦ રૂપિયા તેમની પુત્રીના ભરણપોષણ માટે હતા. તેમની સાથે રહે છે.

### ૫માં ખેલાડી માટે શરૂ થઈ મુશ્કેલી

# ODI વર્લ્ડ કપમાંથી ૪ ખતરનાક ખેલાડી બહાર

## સંજુ સેમસન પણ જગ્યા બનાવવામાં નિષ્ફળ રહ્યો હતો તેનો રેકોર્ડ વનડેમાં સૂર્યકુમાર યાદવ કરતા સારો રહ્યો છે

| નવી દિલ્હી, તા.૨૦ |

ODI વર્લ્ડ કપ ૨૦૨૩ બહુ દૂર નથી. ICC ટૂર્નામેન્ટની ૧૩મી સિઝન ભારતમાં ૫ ઓક્ટોબરથી રમવાની છે. તેમાં કુલ ૧૦ ટીમો પ્રવેશ કરી રહી છે. ૧૯ નવેમ્બર સુધી ચાલનારી ટુર્નામેન્ટમાં ૪૮ મેચો રમાશે. ચાર ખેલાડીઓ વર્લ્ડ કપ માટે ટીમમાં સ્થાન મેળવવાની રેસમાં હતા. એકને ટીમમાં જગ્યા પણ મળી હતી, પરંતુ બાદમાં તેને પડતો મૂકવામાં આવ્યો હતો. અહીં અમે યુઝવેન્દ્ર ચહલ, સંજુ સેમસન, ઈંગ્લેન્ડના જેસન રોય અને ઓસ્ટ્રેલિયાના માર્નસ લાબુશેન વિશે વાત કરી રહ્યા છીએ. આ સિવાય પાકિસ્તાનના વાઈસ કેપ્ટન શાદાબને વર્લ્ડ કપ પહેલા મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. તેની પાસેથી ટીમની વાઈસ કેપ્ટનશિપ છીનવાઈ શકે છે. શાહીન આફ્રિદીને આ જવાબદારી મળી શકે છે.

BCCIએ સોમવારે મોડી સાંજે ઓસ્ટ્રેલિયા સામેની ૩ મેચની ૈ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી હતી. આમાં સિનિયર બોલર આર અશ્વિનને પણ જગ્યા આપવામાં આવી છે. વર્લ્ડ કપ પહેલા આને મોટા ફેરફાર તરીકે જોવામાં આવી રહ્યું છે. બીજી તરફ લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલની ફરી એકવાર અવગણના કરવામાં આવી હતી. ચહલે ટીમમાંથી બહાર રહેવા પર ઘણી વખત પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન પણ જગ્યા બનાવવામાં નિષ્ફળ રહ્યો હતો. તેનો રેકોર્ડ વનડેમાં સૂર્યકુમાર યાદવ કરતા સારો રહ્યો છે. સૂર્યાને એશિયા કપમાં બાંગ્લાદેશ સામે પણ મેદાનમાં ઉતારવામાં આવ્યો હતો, પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. વિશ્વ કપની ટીમમાં સૂર્યકુમાર યાદવ પણ સામેલ છે. ચહલ અને સેમસનને પણ એશિયન ગેમ્સની ટીમથી દૂર રાખવામાં આવ્યા છે. રુતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં યુવા ટીમને ગેમ્સ માટે ચીન મોકલવામાં આવી રહી છે.

ઈંગ્લેન્ડના વિસ્ફોટક બેટ્સમેન જેસન રોયને ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ દ્વારા વર્લ્ડ કપ માટે જાહેર કરવામાં આવેલી ૧૫ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રોયને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. તેના સ્થાને યુવા બેટ્સમેન હેરી બ્રુકનો સમાવેશ કરવામાં આવ્યો છે. બ્રુકે આઈપીએલમાં પણ સદી ફટકારી છે. તે આક્રમક બેટિંગ માટે જાણીતો છે. આ સિવાય ઓસ્ટ્રેલિયન ટીમ પર નજર કરીએ તો માર્નસ લાબુશેન વર્લ્ડ કપની ટીમમાં જગ્યા બનાવી શક્યો નથી.

તાજેતરમાં, તેણે દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન શાનદાર બેટિંગ કરી હતી. ટ્રેવિસ હેડને હાથમાં ફ્રેક્ચર છે. તે ૨૨ સપ્ટેમ્બરથી ભારત સામેની વનડે શ્રેણીમાંથી પણ બહાર છે, જ્યારે લાબુશેન ટીમમાં છે. આવી સ્થિતિમાં, જો તે શ્રેણીમાં સારું પ્રદર્શન કરવામાં સફળ રહે છે, તો તે ટીમમાં પણ વાપસી કરી શકે છે.

શાદાબ ખાનની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ ઓલરાઉન્ડરોમાં થાય છે. પરંતુ એશિયા કપમાં તે કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યો નહોતો. લેગ સ્પિનર શાદાબ ૪૦ની એવરેજથી માત્ર ૬ વિકેટ લઈ શક્યો હતો. જ્યારે ભારતના લેફ્ટ આર્મ સ્પિનર કુલદીપ યાદવે શાનદાર પ્રદર્શન કર્યું અને ૯ વિકેટ લીધી અને તે ટૂર્નામેન્ટનો પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યો. શ્રીલંકાના યુવા સ્પિનર ડુનિથ વેલાલેજે ૧૦ વિકેટ પોતાના નામે કરી હતી. લેગ સ્પિનર અબરાર અહેમદને વર્લ્ડ કપ માટે પાકિસ્તાનની ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે.

# કેનેડાના નાગરિકોને જમ્મુ કાશ્મીરની મુલાકાત ન લેવા સલાહ

| ટોરેન્ટો, તા.૨૦ |

ખાલિસ્તાન સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યા અંગેના વિવાદ વચ્ચે કેનેડાએ તેના નાગરિકોએ માટે એક એડવાઈઝરી જાહેર કરી હતી. તેમાં કેનેડાએ તેના દેશના લોકોને જમ્મુ-કાશ્મીરની મુલાકાત ન લેવા કહ્યું છે. કેનેડાએ તેની પાછળનું કારણ સુરક્ષાને ગણાવ્યું છે. ભારત સાથેના સંબંધોમાં ખટાશ આવતાની સાથે જ અપ ડેટેડ એડવાઈઝરીમાં કેનેડા તરફથી જણાવાયું છે કે અમારા દેશના નાગરિકોને સુચિત કરવામાં આવે છે કે તેઓ જમ્મુ-કાશ્મીરની મુલાકાત ન લે. કેમ કે અહીં આતંકવાદ, ઉગ્રવાદ અને નાગરિક અશાંતિ તથા અપહરણનું જોખમ રહેલું છે.

કેનેડાએ આ એડવાઈઝરી એવા સમયે જારી કરી હતી જ્યારે વડાપ્રધાન જસ્ટિસ ટૂડોએ નિજ્જરની હત્યા મામલે ભારતના એજન્ટોની ભૂમિકા હોવાની વાત કહી છે. સાથે જ ભારતીય રાજદ્વારીને દેશમાંથી બરતરફ કરી દીધા છે. કેનેડાની એ ઉશ્કેરણીનો ભારતે પણ સજ્જડ જવાબ આપ્યો છે અને આરોપોને વાહિયાત ગણાવ્યાં છે. સાથે જ કેનેડાના વરિષ્ઠ રાજદ્વારીને પણ બરતરફ કરી દીધા છે.

# ભારતીય પુરુષ ટીમે વોલિબોલમાં કમ્બોડિયાને ૩-૦થી હરાવ્યું

| હાંગઝોઉ, તા.૨૦ |



ભારતીય પુરુષ વોલીબોલ ટીમે ગઈકાલે કમ્બોડિયાને ૩-૦થી હરાવી એશિયન ગેમ્સમાં વિજયી શરૂઆત કરી હતી. ભારતીય ટીમે પ્રથમ મેચમાં શરૂઆતથી જ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. પૂલ-સીની મેચમાં ભારતે નીચલા ક્રમાંકિત ટીમ કંબોડિયાને ૨૫-૧૪, ૨૫-૧૩, ૨૫-૧૯થી હરાવ્યું હતું. પૂલ-સીમાં આજે ભારતીય ટીમની ખરી કસોટી થશે જ્યારે તે વિશ્વની ૨૭માં નંબરની ટીમ દક્ષિણ કોરિયા સાથે ટકરાશે. હાંગઝોઉં એશિયન ગેમ્સમાં કુલ ૧૯ ટીમે ભાગ લઈ રહી છે, જેમાં જાપાન, ચીન અને દક્ષિણ કોરિયા જેવી મજબૂત ટીમો પણ સામેલ છે. જાપાને અત્યાર સુધી પુરુષ વોલીબોલમાં કુલ ૨૭ મેડલ જીત્યા છે જેમાં ૧૬ ગોલ્ડ મેડલ સામેલ છે. બીજા નંબરે ચીન છે જેણે ૧૧ ગોલ્ડ મેડલ જીત્યા છે જયારે દક્ષિણ કોરિયાએ ૫ ગોલ્ડ મેડલ જીત્યા છે.

# યુએઈમાં ટી૧૦ લિગમાં ફિક્સિંગ અંગે ૩ ભારતીય સહિત ૮ સામે આરોપ

| દુબઈ, તા.૨૦ |

ક્રિકેટમાં ફરી એક વાર ફિક્સીંગ રેકેટનો પર્દાફાશ થયો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ ૨૦૨૧માં યુનાઈટેડ અરબ અમીરાત(યુએઈ)માં રમાયેલી ટી-૧૦ લીગ દરમિયાન ફિક્સિંગ બાબતે ૩ ભારતીયો સહીત ૮ લોકો સામે આરોપ લાગ્યા છે, સાથે સાથે કેટલાક અધિકારીઓ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો છે. આઈસીસી દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં જે ભારતીયોના નામ સામેલ છે તેમાં ૨ ટીમના માલિક છે. આ સિવાય બાંગ્લાદેશ ટીમના પૂર્વ ખેલાડી નાસિર હુસૈનનું નામ પણ આ યાદીમાં છે. ફિક્સિંગની પ્રવૃતિઓમાં સંડોવાયેલા ભારતીયોમાં આ લીગમાં રમી રહેલી ટીમ પુણે ડેવિલ્સના સહમાલિક પરાગ સંઘવી અને કૃષ્ણ કુમારનો સમાવેશ થાય છે. આ સિવાય ત્રીજો ભારતીય સની ઢીલ્લોન છે જે ટીમનો બેટિંગ કોચ છે. આઈસીસી કહ્યું કે આ આરોપો વર્ષ ૨૦૨૧માં અબુ ધાબી ટી-૧૦ લીગ સાથે સંબંધિત છે, આ ટૂર્નામેન્ટમાં મેચ ફિક્સ કરવાના પ્રયાસો થયા હતા.

# ઓડિશા, ઝારખંડ, યુપી-બિહારમાં ત્રણ દિવસ ભારે વરસાદની શક્યતા

| નવી દિલ્હી, તા.૨૦ |

ઉત્તર-પશ્ચિમ બંગાળમાં ઉપર તરફ લો પ્રેશર ઝોન સર્જાયું છે. તેની અસરથી ઓડિશા, પ.બંગાળના ગંગા નદીના કિનારાના વિસ્તારો અને ઝારખંડ સહિત પૂર્વ મધ્ય ભાગો અને પૂર્વોત્તર ભારતમાં જોરદાર વરસાદ પડ્યો હતો. આગામી બે દિવસમાં તે ઉત્તર ઓડિશા અને દક્ષિણ ઝારખંડ તરફ આગળ વધી શકે છે. તેની અસરથી ઓડિશાની સાથે જ ઝારખંડ, બિહાર, યુપી અને પૂર્વોત્તર ભારતના લગભગ તમામ રાજ્યોમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગ (આઈએમડી) ના અહેવાલ અનુસાર ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં મંગળવારે મૂશળધાર વરસાદ પડ્યો હતો. અહીં રેડ એલર્ટ જાહેર કરાયું હતું. જૂનાગઢના વિસાવદર તાલુકામાં સૌથી વધુ ૩૦૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. સરકારી આંકડા અનુસાર ગુજરાતમાં અત્યાર સુધી ૮૭૦ મિ.મી. અથવા સરેરાશ વાર્ષિક વરસાદનો ૯૯.૨૭ ટકા વરસી ચૂક્યો છે. હજુ અહીં વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના અહેવાલ અનુસાર દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન ઉપર સાયક્લોનની સ્થિતિ સર્જાઈ છે. તેની અસરને લીધે ગુજરાતના નજીકના ક્ષેત્રોમાં આગામી ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદની શક્યતા છે.

### મહિલા અનામત બિલને કોંગ્રેસે આવકાર્યું

# રાહુલે ૨૦૧૮માં મહિલા અનામત માટે પીએમ મોદીને પત્ર લખ્યો હતો

| નવી દિલ્હી, તા.૨૦ |

કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા મહિલા આરક્ષણ વિધેયકને અપાયેલી મંજૂરીનું કોંગ્રેસે સ્વાગત કર્યું છે. કોંગ્રેસે કહ્યું સર્વપક્ષીય બેઠકમાં તેની ઉપર ચર્ચા કરી સર્વ સંમતિ સાધી શકાઈ હોત. કોંગ્રેસે તેમ પણ કહ્યું કે વાસ્તવમાં સરકારનો આ નિર્ણય કોંગ્રેસ અને યુપીએ સરકારમાં તેના સહયોગી રહેવા પક્ષોની જીત છે. કારણ કે, તે સરકાર દરમિયાન જ તે વિધેયક રાજ્ય સભામાંથી પસાર થઈ ગયું હતું. કોંગ્રેસે તેના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ ૧૬ જુલાઈ ૨૦૧૮માં વડાપ્રધાન મોદીને લખેલો પત્ર પણ પત્રકારોને દર્શાવ્યો હતો (પત્રની ઝેરોક્ષ) જેમાં તેઓએ મહિલા આરક્ષણ વિધેયક તત્કાળ પસાર કરાવવાની માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસના વરિષ્ટ નેતા પી. ચિદમ્બરમ એક્સ પર પોસ્ટ કર્યું : 'જો સરકાર મહિલા આરક્ષણ વિધેયક રજૂ કરશે તો તે કોંગ્રેસ અને યુપીએ સરકારમાં રહેલા તેના સાથી પક્ષોનો વિજય ગણાશે. યાદ રહે કે યુપીએ સરકાર દરમિયાન જે તે વિધેયક માર્ચ ૨૦૧૦માં રાજ્યસભામાંથી પસાર થઈ ગયું હતું. કોંગ્રેસના મહામંત્રીજયરામ રમેશે કહ્યું કે તેમનો પક્ષ ઘણા સમયથી આ વિધેયક પસાર કરવાની માગણી કરી રહ્યો છે. તેઓએ એક્સ પર પોસ્ટ કર્યું : 'કોંગ્રેસ પાર્ટી લાંબા સમયથી મહિલા આરક્ષણ અમલી કરવાની માગણી કરી રહી છે. અમે કેન્દ્રીય મંત્રી મંડળના તે નિર્ણયનું સ્વાગત કરીએ છીએ, અને વિધેયકનાં વિવરણની પ્રતીક્ષા કરીએ છીએ. પરંતુ, વિશેષ સત્ર પૂર્વે સર્વદલીય બેઠકમાં તે ઉપર સારી રીતે ચર્ચા થઈ શકત. પોતાના જૂના પોસ્ટરનો ઉલ્લેખ કરતાં રમેશે લખ્યું સૌથી પહેલાં રાજીવ ગાંધીએ ૧૯૮૯ના માર્ચ મહિનામાં પંચાયતનો, તથા નગર પાલિકાઓમાં મહિલાઓ માટે ૧/૩ આરક્ષણ રાખવા માગણી કરી હતી. તે માટે સંવિધાન સંશોધન વિધેયક રજૂ કરાયું. જે લોકસભામાં પસાર થઈ ગયુ પરંતુ સપ્ટે. ૧૯૮૯માં રાજ્ય સભામાં પસાર ન થયું. રમેશે જણાવ્યું, એપ્રિલ ૧૯૯૩માં તત્કાલીન વડા પ્રધાન પી.વી.નરસિંહ રાવની સરકારે, પંચાયતો અને નગર નિકાસોમાં મહિલાઓ માટે એક તૃતિયાંશ આરક્ષણ માટે સંવિધાનમાં સંશોધન કરતુ વિધેયક ફરી રજૂ કરાયું હતું.

# બાળકો માટેના નિયમમાં સુધારાથી ૭ વર્ષમાં રેલવેને ૨૮૦૦ કરોડની વધારાની કમાણી

| નવી દિલ્હી, તા.૨૦ |

બાળકો માટેના યાત્રાના નિયમોમાં ફેરફાર કરીને સાત વર્ષના સમયગાળામાં જ ભારતીય રેલવેએ ૨૮૦૦ કરોડ રૂપિયાથી વધારાની કમાણી કરી નાખી. એક આરટીઆઈ (આરટીઆઈ) ના જવાબમાં આ માહિતી સામે આવી હતી. સેન્ટર ફોર રેલવે ઈન્ફર્મેશન સિસ્ટમ્સ (સીઆરઆઈએસ) દ્વારા મળેલા એક જવાબમાં જાણકારી મળી કે સુધારેલા માપદંડને લીધે રેલવેને ૨૦૨૨-૨૩ દરમિયાન જ ૫૬૦ કરોડની અધધધ. કમાણી થઈ હતી. આ રીતે આ સૌથી વધુ નફાકારક વર્ષ બની ગયો. રેલવે મંત્રાલય હેઠળ આવતું સીઆરઆઈએસટિકિટ અને યાત્રીઓ, માલવહન સેવાઓ, રેલવે યાતાયાત નિયંત્રણ અને સંચાલન જેવા મુખ્ય ક્ષેત્રોમાં આઈટી સમાધાન ઉપલબ્ધ કરાવે છે. રેલવે મંત્રાલયે ૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજ જાહેરાત કરી હતી કે રેલવે ૫ થી ૧૨ વર્ષ વચ્ચેની વયના બાળકો માટે જો કોચમાં અલગ બર્થ કે સીટ જોઈતી હોય તો આખી ટિકિટનું ભાડું વસૂલ કરશે. આ સુધારેલા માપદંડ ૨૧ એપ્રિલ, ૨૦૧૬થી અમલી થયા હતા. અગાઉ રેલવે ૫ થી ૧૨ વર્ષની વચ્ચેના બાળકો માટે અડધી ટિકિટ લઈને તેમને બર્થ ઉપલબ્ધ કરાવતું હતું. એક અન્ય વિકલ્પ હેઠળ જો બાળક અલગ બર્થ ન લઈને સાથે જ મુસાફરી કરતાં વયસ્ક સાથે યાત્રા કરે તો પણ તેના માટે અડધી ટિકિટ લેવી પડે છે. આંકડામાં જાણકારી મળી કે આ સાત વર્ષોમાં ૩.૬ કરોડથી વધુ બાળકોએ રિઝર્વ સીટ કે બર્થનો વિકલ્પ પસંદ કર્યા વિના અડધી ટિકિટ આપી મુસાફરી કરી હતી. બીજી બાજુ ૧૦ કરોડથી વધુ બાળકોએ અલગ બર્થ કે સીટનો વિકલ્પ પસંદ કર્યો અને આખી ટિકિટનું ભાડું ચૂકવ્યું. આ આરટીઆઈ ચંદ્રશેખર ગૌડે કરી હતી. જવાબમાં એ પણ જાણકારી મળી કે રેલવેમાં મુસાફરી કરનારા કુલ બાળકોમાં લગભગ ૭૦ ટકા બાળકો સંપૂર્ણ બર્થ કે સીટ લઈને યાત્રા કરવાનું પસંદ કરે છે.



નવી દિલ્હી ખાતે સંસદ ભવનમાં વિશેષ સત્ર દરમિયાન કાર્યવાહીને જોવા માટે એક સ્કૂલના વિદ્યાર્થિનીઓ જોવા માટે આવ્યા હતાં.

# બુદનીમાં ભાજપના ૧૫૦૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાશે

| બુદની, તા.૨૦ |

મધ્ય પ્રદેશમાં પક્ષપલટાના રાજકારણમાં કોંગ્રેસ સતત સત્તાધારી પાર્ટી બીજેપી પર ભારે પડતી નજર આવી રહી છે. રોજ કોઈકને કોઈક બીજેપી નેતા-કોંગ્રેસ કોંગ્રેસમાં સામેલ થઈ રહ્યા છે. ત્યારે હવે કોંગ્રેસે સીએમ શિવરાજ સિંહ ચૌહાણના ગઢમાં મોટું ભંગાણ પાડ્યું છે. આજે બુંદની વિસ્તારના સેંકડો કાર્યકર્તાઓ કોંગ્રેસની સદસ્યતા ગ્રહણ કરશે. મધ્યપ્રદેશમાં પક્ષપલટાની રાજનીતિમાં આજે કોંગ્રેસ માલવા-મહાકૌશલ ક્ષેત્રમાં ભાજપ માં ભંગાણ પાડવા જઈ રહી છે. પક્ષપલટાના સિલસિલામાં આજે બીજેપીથી અસંતુષ્ટ નેતા અને કાર્યકર્તા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય પહોંચીને કોંગ્રેસની સદસ્યતા ગ્રહણ કરશે. પીસીસી ચીફ કમલનાથ મહાકૌશલ, નર્મદાપુરમ અને માલવા વિસ્તારના અસંતુષ્ટ ભાજપના સભ્યોને પીસીસી કાર્યાલયમાં કોંગ્રેસની સદસ્યતા અપાવશે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણની બુદની વિધાનસભામાંથી કોંગ્રેસની સદસ્યતા લઈ રહેલા ભાજપના કાર્યકરો-નેતાઓ આરોપ લગાવી રહ્યા છે કે પ્રદેશ ભાજપના વરિષ્ઠ નેતાઓ દ્વારા તેમની સતત અવગણના કરવામાં આવી રહી છે જેનાથી દુઃખી થઈને તેઓ કોંગ્રેસમાં સામેલ થવા માટે જઈ રહ્યા છે.

## તંત્રી લેખ...

# સર્જિકલ સ્ટ્રાઇક અને પછી એર સ્ટ્રાઇક બાદ પણ પાકિસ્તાન બોધપાઠ નથી લઇ રહ્યું

કાશ્મીરના ઉરીમાં પાકિસ્તાની સેનાના ફાયરિંગ વચ્ચે ત્રણ આતંકીઓનું માર્યા જવું એ દર્શાવે છે કે પાકિસ્તાન આતંકીઓની ઘૂસણખોરી કરાવવાનું બંધ નથી કરતું. સુરક્ષા દળોના હાથે માર્યા ગયેલા આ ત્રણેય આતંકી ઘૂસણખોરીની કોશિશ કરી રહ્યા હતા. તેનો અર્થ એ પણ છે કે સીમા પાર આતંકીઓના પ્રશિક્ષણ કેન્દ્ર હજુ પણ ચાલી રહ્યા છે. એ ઠીક છે કે આ તરફ સીમા પારથી આતંકીઓની ઘૂસણખોરીમાં ઘટાડો થયો છે અને જે ઘૂસી આવે છે, તેમનો મોટી સંખ્યામાં સફાયો પણ કરી દેવામાં આવ્યો છે, પરંતુ પાકિસ્તાનમાં જ્યાં સુધી જેહાદી કેમ્પો ચાલતા રહેશે ત્યાં સુધી આતંકીઓની ઘૂસણખોરીની કોશિશ પણ થતી રહેશે અને તેને કારણે કાશ્મીરમાં સંપૂર્ણ રીતે શાંતિ બહાલ કરવામાં સમય પણ લાગશે. સમય આવી ગયો છે કે ભારત એના પર ફરીથી વિચાર કરે કે સીમા પાર આતંકીઓના જે અડ્ડા ચાલી રહ્યા છે તેને કેવી રીતે નષ્ટ કરી દેવા? એ માનવાનાં ઘણાં કારણ છે કે સર્જિકલ સ્ટ્રાઇક અને પછી એર સ્ટ્રાઇક બાદ પણ પાકિસ્તાન બોધપાઠ નથી લઈ રહ્યું. તે માત્ર આતંકીઓને જ પ્રશિક્ષિત નથી કરી રહ્યું, પરંતુ જે આતંકી કાશ્મીરમાં સક્રિય છે, તેમને ડ્રોનથી હથિયાર પણ ઉપલબ્ધ કરાવી રહ્યું છે. તે ઉપરાંત તે દુષ્પ્રચારનો સહારો લઈને કાશ્મીરી યુવાઓને આતંકના રસ્તે ચાલવા માટે ઉશ્કેરવાનું પણ કામ કરી રહ્યું છે. પાકિસ્તાન કાશ્મીરને અશાંત કરવામાં ફરીથી લાગી ગયું છે, કારણ કે તે એફએટીએફના ગ્રે લીસ્ટમાંથી બહાર આવી ગયું છે. ભારતે વિશ્વ સમુદાયને તેના માટે ફરીથી સહમત કરવો પડશે કે પાકિસ્તાનને નવેસરથી આ આંતરરાષ્ટ્રીય સંસ્થાના નિરીક્ષણ હેઠળ લાવવામાં આવે. આ શુભ સંકેત નથી કે જમ્મુ-કાશ્મીરમાં આ તરફ સ્થાનિક અને પાકિસ્તાનથી આવેલા આતંકીઓની ગતવિધિઓ વધતી દેખાઈ રહી છે. ઉરી પહેલાં રાજોરીમાં બે આતંકી માર્યા ગયા હતા. તે ઉપરાંત અનંતનાગનાં જંગલોમાં ચાર દિવસથી અથડામણ ચાલી રહી છે. આ અથડામણમાં સેનાના કર્નલ અને મેજર સહિત જમ્મુ-કાશ્મીરના ડીએસપી વીરગતિ પામ્યા હતા. તે ઉપરાંત એક સૈનિકનું પણ બલિદાન થયું. રાજોરીમાં પણ આતંકીઓ સાથેની અથડામણમાં સુરક્ષા દળોએ ક્ષતિ ઉઠાવવી પડી હતી. આતંક વિરોધી અભિયાનોને વધુ સતર્કતાથી સંચાલિત કરવાની જરૂરિયાત છે, જેથી આપણા જવાનોએ વધુ ક્ષતિ ન ઉઠાવવી પડે. સાવધાની રાખવાની આવશ્યકતા એટલા માટે પણ વધી ગઈ છે, કારણ કે આતંકી પોતાની રીતભાતો બદલી રહ્યા છે અને છૂપાવાનાં નવાં ઠેકાણાં પણ બનાવી રહ્યા છે. અનંતનાગના જંગલોમાં ચાલતી અથડામણ એ જ દર્શાવી રહી છે કે ત્યાં છૂપાયેલા આતંકીઓ કેટલીય તૈયારીથી આવ્યા હતા. સીમા પર ચોકસાઈ વધારવાની સાથે જ એના પર પણ ધ્યાન આપવું પડશે કે કાશ્મીરમાં આતંકીઓના જે સમર્થક છે, એના પર સકંજો કેવી રીતે કસી શકાય? આતંકી પોતાની ગતિવિધિઓને અંજામ આપવામાં એટલા માટે સફળ છે, કારણ કે તેમના સ્થાનિક સમર્થકો તેમને સંરક્ષણ અને સહયોગ આપી રહ્યા છે.

## અપરાધમુક્ત રાજકારણનું લ-ય કઈ રીતે પ્રાપ્ત થઈ શકશે ?

આગામી પાંચ રાજ્યોમાં વિધાનસભા અને આગામી વર્ષે લોકસભા ચૂંટણીના પડઘમની સાથે ફરી એક વખત અપરાધી ઉમેદવારો મુદ્દે ચિંતાના સ્વર ઉભરી રહ્યા છે. રાજકારણમાં અપરાધિક પૃષ્ઠભૂમિના લોકોનો પ્રવેશ રોકવા માટે લાંબા સમયથી ચર્ચાઓ ચાલતી રહે છે. લગભગ તમામ પક્ષ અને તેના નેતા એને લઈને ચિંતા વ્યક્ત કરે છે, પરંતુ મુશ્કેલી એ છે કે અત્યાર સુધી કોઈ એવી વ્યવસ્થા નથી બની શકી, જેમાં કોઈ અપરાધમાં સંડોવાયેલા વ્યક્તિને સંસદ કે વિધાનસભામાં પહોંચવાથી રોકી શકાય. એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિસર્ચના એક રિપોર્ટમાં જણાવ્યું છે કે લગભગ ચાલીસ ટકા હાલના સાંસદો વિરુદ્ધ અપરાધિક કેસો નોંધાયેલા છે. તેમાંથી પચીસ ટકા કેસો ગંભીર અપરાધો સાથે જોડાયેલા છે, જેમાં હત્યા, હત્યાની કોશિશ, અપહરણ, મહિલાઓ વિરુદ્ધ અપરાધ જેવા કેસો સામેલ છે. આ જ અપરાધી છબિવાળા સાંસદ અને ધારાસભ્ય ફરી એક વાર ઉમેદવાર બનવામાં સફળ થવાના છે. સવાલ છે કે દેશની સંસદ સુધીમાં આ સ્થિતિ રહેતાં અપરાધમુક્ત રાજકારણનું લ-ય કઈ રીતે પ્રાપ્ત થઈ શકશે? નિશ્ચિતપણે ભારતીય લોકતંત્રની આ એક વિકૃતિ અને વિપદા જ છે કે કોઈ અપરાધી દોષીત હોવા અને સજાપ્રાપ્ત હોવા છતાં તેને કઈ રીતે ઉમેદવાર બનાવીને ભોળી જનતા પર થોપી દેવામાં આવે છે. આવા અપરાધી જનપ્રતિનિધિ શું જનતાની ભલાઈ કરશે અને શું વિધાયિકામાં બેસીને જનતાના હિતના કાયદા બનાવી શકશે? આઝાદીના અમૃતકાળની દુંદુભિ અને શંખનાદથી ઈતર જ્યારે રાજનીતિના અપરાધીકરણ પર નજર નાખીએ તો શરમથી માથું ઝૂકી જાય છે. જે સદન ક્યારેક જનતાના સવાલો પર ગૂંજતું હતું, એકથી વધીને એક વક્તાઓના ઐતિહાસિક અને સાર્થક ભાષણોની સંસદથી લઈને સડક સુધી ચર્ચા થતી હતી, લોકતંત્રની આ ખૂબી પર દુનિયાને પણ જલન થતી હતી, આજે એ જ લોકતંત્ર, એ જ સદન દાગી નેતાઓની હાજરી અને તેના ખેલથી શર્મસાર છે. ભારતીય સંસદના અત્યાર સુધીના ઈતિહાસ પર નજર નાખીએ તો લાગે છે કે જે ઝડપથી સંસદ અને વિધાનસભાઓમાં દાગી નેતાઓની હાજરી વધી રહી છે, એક દિવસ એવો આવશે કે સંસદમાં બેદાગ નેતા-મંત્રીઓ શોધ્યા નહિ જડે! એવા અપરાધી સાંસદો અને ધારાસભ્યોને કારણે સદનોમાં સત્રો દરમ્યાન સાર્થક ચર્ચાઓને બદેલ હંગામો થાય છે. આ જ કારણોસર ચિંતાજનક સ્થિતિ એ બની છે કે આજે ભારતમાં જ સંસદ પ્રત્યે સન્માન, સંસદમાં શાલીન આચરણ અને પક્ષ-વિપક્ષ વચ્ચે સ્વસ્થ પરંપરાઓ હવે ધૂમિલ થઈ રહી છે. સંસદની કાર્યવાહી તો આ જ હાસનો સંકેત કરે છે. જોવાનું છે કે સંસદના આગામી વિશેષ સત્રમાં બંધારણ સભાથી શરૂ થનાર ૭૫ વર્ષની સંસદીય યાત્રા પર ચર્ચા સમયે કોઈ અનુકરણીય ઉદાહરણ પ્રસ્તુત થઈ શકે કે નહીં? એક સફળ લોકતંત્રના જેટલા પણ આયામ છે કે શું ભારત એના પર ખરું ઉતર્યુ છે? કોઈપણ લોકતંત્રની શાખ તેની વિધાયિકા પર વધુ નિર્ભર છે. નેતાના ગુણ-અવગુણ અને ચરિત્ર લોકતંત્રને પ્રભાવિત કરે છે. આઝાદી બાદ ભારતીય વિધાયિકા અને તેના નેતાઓની જનતા પ્રત્યે વફાદારી અને ઉત્તરદાયિત્વની તૂતી બોલતી હતી, પરંતુ હવે જ વિધાયિકા અપરાધિક કુકૃત્યોથી કલંકિત છે. ભલે મહિલાઓને સંસદીય રાજનીતિ માટે આજ સુધી ૩૩ ટકા અનામતનો લાભ ન મળ્યો હોય, પરંતુ કડવું સત્ય એ છે કે ગુપ ચુપ રીતે તમામ રાજકીય પક્ષોએ સદનમાં દાગી નેતાઓ માટે ૩૩ ટકાથી વધુ સીટો અનામત રાખી લીધી છે!

# જીવન અંજલી થાજો ! જગતના ઝેર ભલે પીવા પડે પણ મારી સમીપે જે આવે તેને ઉરના અમૃત વહેંચી શકું ! એવા ભાવ આપજો



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ પૂરો થયો એટલે વળી પાછું આપણે રૂટિનને અનુસરીએ! આજે ગુરુવાર એટલે ચાલો પ્રાર્થના કરીએ. સામાન્ય રીતે માનવીની એ સમજ છે કે ઈશ્વર પાસે કંઈક માંગવાના કે ઈચ્છા પૂરી કરવા માટેના જે ભાવ હોય, તેને પ્રાર્થના કહેવામાં આવે છે. પરંતુ પ્રાર્થના એ તો નિર્મળ હૃદયમાં વહેતુ સંવેદનાનું ઝરણું છે. તે કોઈ અન્યને માટે થતી હોય છે, અથવા તો પોતાનામાં જ્યારે જીવ થી કંઈ સુધાર આવી ન શકે, ત્યારે પ્રાર્થના થતી હોય છે, કે ઈશ્વર તું આમ કર! મારી બુદ્ધિ ને નિર્મળ અથવા તો પરદુઃખે દુઃખી થઈ તેની મદદ કરી શકું તેમ કર. સામાન્ય રીતે જીવનું આયુષ્ય પહેલા સો વર્ષનું ગણીને આપણા પૂર્વજો અને ઋષિમુનિઓએ તેની અવસ્થા પ્રમાણેનાં ચાર ભાગ પાડ્યા હતા. અને દરેક અવસ્થામાં પોતાનું કર્તવ્ય કર્મ કરતાં કરતાં કંઈક વિશેષ કર્મ પણ એ અવસ્થા મુજબ કરવા માટે જીવ ઈશ્વરને પ્રાર્થના કરતો હોય છે. પરંતુ આજ કાલ જીંદગી નો કોઈ ભરોસો નથી,કારણ જીવન ધોરણમાં ઘણો તફાવત આવી ગયો છે, એટલે જેટલું જીવન છે, એમાં જ કંઈક કરવાનું છે, તેથી જેને વિશેષ કર્મ કરવું છે, તો એણે જીવનના ઉતરાર્ધ સુધી રાહ જોવી પોષાય નહીં. પહેલા પોતે જાગે અને પછી બીજા ને જગાડે એ રીતે જોઈએ સમય બગાડ્યા વગર વર્તમાનમાં જીવવું જોઈએ, અને આમ જુઓ તો પ્રાર્થના એ ઈશ્વર સુધી પહોંચવાની સીડી છે, પરંતુ શરત એટલી જ છે કે જાગૃતિની જાણકારી જે જીવમાં હોય તેણે, ઈશ્વરને શું પસંદ છે, અથવા તો ઈશ્વર આપણી પાસેથી શું આશા રાખે છે, તે મુજબનું વર્તન, કે વ્યવહાર કરીને જો જીવન જીવે,જેથી કરીને ઝડપ થી ત્યાં સુધી પહોંચી શકે. ઈશ્વર અને જીવ બંનેનું પ્રાર્થનાના માધ્યમથી જો મિલન થાય તો તે અપેક્ષા ઉપેક્ષા મુક્ત રહે છે.દરિયો સાવ નજીક હોય અને ઉંચા ઉંચા ભરતી નાં મોજાં ઉછળે એમ લહેરાતો હોય, પરંતુ તરસ લાગે તો દરિયો કામ આવતો નથી! એટલે કે દરિયાના પાણીથી તૃપ્તિ થતી નથી. પરંતુ જો એક ખોબા અથવા અંજલિ જેટલું મીઠું પાણી મળી જાય, તો એ તૃપ્તિ કરાવે છે.બસ એ જ રીતે આયુષ્ય ગમે તેટલું મોટું હોય તો પણ એમાં કંઈ વિશેષ કર્મ ન કર્યુ હોય તો સંતોષ થતો નથી, પરંતુ નાના એવા આયખામાં પણ કંઈક કર્યાનો આત્મસંતોષ થાય, એવું જીવન જીવવા મળે એવી એક સુંદર પ્રાર્થનાની વાત આપણે કરીશું.

**કવિ શ્રી કરસનદાસ માણેક ની રચના**

જીવન અંજલી થાજો !
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીનદુઃખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
મારું જીવન અંજલિ થાજો !
વણ થાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !
મારું જીવન અંજલિ થાજો !
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !
મારું જીવન અંજલિ થાજો !

કવિ શ્રી કરસનદાસ માણેકની સુંદર રચના આપણે બધાએ લગભગ પ્રાર્થના તરીકે ગાઈ હશે, અને પ્રાથમિક શાળાનો એ વર્ગ યાદ કરીએ તો બંધ આંખે આ પ્રાર્થના થતી, ત્યારે દરેકના મનમાં લગભગ આવા જ ભાવ હતા. કારણ બાળકની નિર્દોષતા તે સમયે દરેકના જીવનમાં હતી, અને નિખાલસતા બાળપણનો સૌથી મોટો ગુણ છે. પરંતુ ઉંમર વધતા રાગ-દ્વેષ વધતા ગયા, અને મારું-તારુંની ભાવના દ્રઢ થતી ગઈ, તો ક્યારેક ક્યારેક જવાબદારી અને કર્તવ્ય કર્મના બોજા હેઠળ પણ જીવ મૂંઝાયને ન કરવાનું કરી બેસે,તો ક્યારેક મહત્વાકાંક્ષાને કારણે પણ માનવી માર્ગેથી ભટકે છે.એવે સમયે બાળક જેવી નિર્દોષતા પાછી મેળવવા તેમજ કંઈક વિશેષ કર્મ કરવા માટે આવી કોઈ પ્રાર્થનાનો સહારો લેવો પડે.

કવિની આ રચનામાં કોઈ ભારેખમ શબ્દ નથી, નથી કોઈ સંસ્કૃત ભાષાનો પ્રયોગ કર્યો, છતાં કેટલી અસરકારક ને ઉતમ ભાવ અર્જીત કરનારી છે. હે ઈશ્વર મને આયુષ્ય ભલે નાનકડું એવું આપો, પણ એ જીવન માં હું કોઈ ને ભોજન કરાવી શકું, કોઈ તરસ્યાની આંતરડી ઠારી શકું, દર્દમાં તડપતા કોઈના આંસું લૂછવામાં હું કોઈ દિવસ પાછી પાની ન કરું,હર હંમેશ તૈયાર રહું.સત્યનો માર્ગ કાંટાળો છે એવું કહેનારના માર્ગ પર પુષ્પ બની હું પથરાતો રહું,જગતના ઝેર ભલે પીવા પડે પણ મારી સમીપે જે આવે તેને ઉરના અમૃત વહેંચી શકું, અથવા તો ઉમળકાથી સ્વાગત કરી શકું એવા ભાવ આપજો. ઈશ્વર તારી સમીપે આવવા માટે મારા પગમાં ક્યારેય બળ ખૂટે નહી આપવા તો હું થાકું નહીં, અને તારા અનન્ય સ્વરુપ ની ઝાંખી કરવા માટે હું નિશદિન ચાલતો રહું, એટલી શક્તિ આપજો. હૃદયની ધડકન સાથે તારા નામનું સ્મરણ થાય એવી બુદ્ધિ આપજો. સંસાર સાગર કહો કે ભવસાગર કહો તેમાં જો અમારી આ જીવન નાવ હાલકડોલક થાય તો તેનો તું ધ્યાન રાખજે, ગમે તેટલી કઠિન પરિસ્થિતિ આવે, પણ મનમાં તારા તરફની શ્રદ્ધાનો દીપક ક્યારેય બુઝાય નહીં. ઈશ્વર નું અનન્ય સ્વરૂપ કે અનન્ય પ્રાર્થના એવો શબ્દ પ્રયોગ થાય એટલે બહુ સ્વાભાવિક એમ થાય કે એવું કયું સ્વરૂપ ની વાત કરે છે. આમ તો આપણી આંખો ઈશ્વર ના અમુક નિશ્ચિત સ્વરૂપ ને જ ઈશ્વર માને છે! અને એ જ આપણી ભૂલ છે. પ્રત્યેક જીવ ખુદ એક ઈશ્વર છે પણ એણે એના દર્શન સામેવાળા માં કરવાનાં છે, અને એ વ્યક્તિ એની માટે અનન્ય સ્વરૂપ ધરાવતા ઈશ્વર સમકક્ષ છે! આપણે જેમ પૂજામા ભોગ ઈત્યાદિ સાધનો ઈશ્વર ને અર્પણ કરીએ છીએ એ જ રીતે એ અનન્ય સ્વરૂપને ચરણે અર્પણ કરી દેવાથી ઈશ્વરે આપણી ભેટ સ્વીકારી એવો અનુભવ થાય છે! અને આવો અનુભવ કવિ ને કોઈની મદદ કરવાથી થયો હશે.

આપણે આવી કોઈ પ્રાર્થના જ્યારે કરીએ, એનો સાચો અર્થ સમજીએ અને આપણે એ મુજબ જીવવા જ્યારે કટિબદ્ધ ત્યારે અનુભવાય કે જીવન કેટલું સરળ હતું, અને આપણે એને કેટલું જટિલ બનાવ્યું છે, કંઈ જ કરવાનું નથી, માત્રને માત્ર અંતરના ભાવ શુદ્ધ કરીએ તો આપોઆપ ઈશ્વર આપણને અનુભવાય છે.ભારતીય મનીષી ઓ આ બધું જ તત્વજ્ઞાન જાણતા હતા, એટલે તેમણે પ્રાર્થના પર બહુ મોટો ભાર મૂક્યો છે, અને બાળક હોય કે મોટા સૌને પોતાના દિવસની શરૂઆત પ્રાર્થનાથી જ કરવી જોઈએ. જેથી કરીને આખો દિવસ સારો જાય, અને અંતરાત્મામાં નો અવાજ સાંભળીને જીવવાની ટેવ પડે. પ્રાર્થના એ એવો પ્રયોગ છે જે સૌએ કરવા જેવો ખરો, આપણે પણ વિશ્વ આખાની અશાંતિની હાલની વિકટ પરિસ્થિતિ ને પહોંચી વળવા મોરલ સપોર્ટ વધારવા અને જીવન ને સુંદર બનાવવા આવી કંઈક પ્રાર્થના કરીએ, અને સૌના જીવન ખુશખુશાલ બંને એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# પર્શિયાના પ્રખ્યાત રાજા નૌશેર ખાંન આદિલ અને ગુજરાતની રાણી મીનળદેવી તેમની ન્યાયની વાર્તા હજી જીવંત છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

ઘણા લોકો માને છે કે નવી સંસ્કૃતિ એ લોકશાહી શાસન વ્યવસ્થાની માતા છે. યુરોપના લોકોએ જ લોકોનો અભિપ્રાય જાણીને વિશ્વને રાજ્ય શાસનમાં કામ કરવાનું શીખવ્યું છે. એશિયાના જૂના શાસકો નિરંકુશ અને અત્યંત ઘમંડી હતા. તેમના શાસનમાં કોઈને ચીડવવાની કે ગૂંગળામણ કરવાની હિંમત ન હોતી. પ્રજાનું જીવન અને મિલકત રાજાના 'હા' કે 'ના' પર આધારિત હતી. સહેજ ગુસ્સામાં સામૂહિક હત્યાનો આશરો લેવામાં આવ્યો. સહેજ પણ મુદ્દે શાસકોના રોષથી ગામડાઓ બળીને રાખ થઈ જતા. તેના મુખમાંથી જે કંઈ સારું કે ખરાબ નીકળ્યું તે ઈશ્વરની ઈચ્છા જેવું હતું.તેમની અવગણનાની સામે 'જો હુકમ હુઝૂર' સિવાય બીજું કંઈ કરવું એ સમય પહેલાં મૃત્યુને આમંત્રણ આપવાનું હતું. રાજા અને ઈશ્વરનો એક દરજ્જો જેમ ભગવાન પોતાનું કોઈ કામ કોઈને પૂછ્યા વગર કરતા નથી;તે પોતાના સેવકો પર ગમે તેટલી દયા કે પાયમાલી લાવે છે, તેને કૃતજ્ઞતા અને ધીરજથી સહન કરવા સિવાય તેની પાસે કોઈ વિકલ્પ નથી. તેવી જ રીતે, આ નાનો ભગવાન (રાજા પણ. શાસનમાં, તે માનવામાં આવતો હતો. દરેક રીતે સ્વતંત્ર અને કંઈપણ કરવા સક્ષમ.

શક્ય છે કે એશિયાની જૂની શાસન પ્રણાલી વિશે ન્યૂ લાઈટના લોકોનો આ મત અમુક અંશે સાચો હોય અને એ પણ સાચો છે કે અહીં પહેલા શાસનની સંસદીય પદ્ધતિ આજની જેમ બરાબર ચાલુ રહી ન હતી; જો કે ઘણા વિદ્વાનોએ સાબિત કરવાનો નિષ્ઠા પૂર્વક પ્રયાસ કર્યો છે કે પ્રાચીન ભારતમાં પણ સમાન પ્રકારની લોકશાહી પ્રણાલી પ્રચલિત હતી. અહીં જૂના શાસનનું સ્વરૂપ ભલે ગમે તે હોય, તે સાચું ન હતું કે જૂના શાસકો નિરંકુશ સરમુખ ત્યાર હતા અને તેમની ઈચ્છા જ ન્યાયમાં હતી. પ્રાચીન ઈતિહાસમાં આવા ઉદાહરણોની કોઈકમી નથી જે સ્પષ્ટપણે સાબિત કરે છે કે ન્યાય માટે લોકોની હાકલને ધ્યાન આપવામાં આવ્યું હતું. કેટલીકવાર એક સામાન્ય વ્યક્તિ પણ ન્યાયના બળ પર મહાન સમ્રાટોને આધીન થઈ જતો અને તે સ્વતંત્ર શાસકોએ હાર સ્વીકારવી પડી.આજે અમે વાચકો સમક્ષ એવું જ એક ઐતિહાસિક ઉદાહરણ રજૂ કરવા માગીએ છીએ,જેનું ઉદાહરણ વીસમી સદીની લોકશાહી શાસન વ્યવસ્થામાં પણ ભાગ્યે જ ક્યાંય જોવા મળે. આ ઘટના એશિયામાં સ્થિત પર્શિયાના પ્રખ્યાત રાજા નૌશેરખાંન આદિલ સાથે સંબંધિત છે. એવું પ્રસિદ્ધ છેકે નૌશેરખાંનના રાજમહેલની બાજુમાં ભડભુંજન ની ફૂલ ઝૂંપડી હતી. જ્યારે મહેલ નો પાયો નાખવામાં આવ્યો ત્યારે વૃદ્ધ મહિલાને તેની ઝૂંપડી માંગવા માં આવી. એ ઝૂંપડી લીધા વિના મહેલ સીધો બાંધી શકાય નહીં. બદલામાં,વૃદ્ધ મહિલાને શ્રેષ્ઠ ઘર અને મો માંગી કિંમત આપવાનું કહેવામાં આવ્યું;પરંતુ તે હઠીલા વૃદ્ધ સ્ત્રીને કોઈક રીતે તેની ઝૂંપડી છોડવાનું પસંદ ન હતું.તેણી કહેતી રહી,''હું મારી ઝૂંપડી પરના રાજા ના તમામ મહેલો ફેંકી દઈશ,હું તેમને નરકની આગમાં બાળી નાખીશ,પણ હું મારી આ ઝૂંપડીને છોડીશ નહીં''લાચારી અનુભવતા, વૃદ્ધ મહિલાની ઝૂંપડી ને ત્યજી દેવામાં આવી અને ખામની મદદથી મહેલ બનાવવામાં આવ્યો. મહેલ બનાવ્યા પછી,જ્યારે એવું જોવા માં આવ્યું કે વૃદ્ધ મહિલાની ઝૂંપડી માંથી નીકળતા ધુમાડાને કારણે રાજ મહેલનો ખૂણો કાળો પડી રહ્યો છે, ત્યારે વૃદ્ધ મહિલાને કહેવામાં આવ્યું કે ધૂમ્રપાન બંધ કરો અને પ્રાયમસ સળગાવશો નહીં, કારણ કે તે ખૂણાને કાળો કરશે મહેલની છે. તમારા માટે રજવાડી ભોજનાલયમાંથી શ્રેષ્ઠ ભોજન ઉપલબ્ધ થશે.''પરંતુ વૃદ્ધ મહિલાએ આ પણ સ્વીકાર્યું નહીં. તેણે કહ્યું,''હું ભિખારી કે વિકલાંગ વ્યક્તિ નથી,કેજે રાજના ભોજના લયની ભોજન ખાઈને મારું પેટ ભરું "વૃદ્ધાના દારૂ અને તે ચૂલાનો ધુમાડો મહેલને કાળો કરતો રહ્યો, પણ આદિલ નૌશેર ખાંનના ન્યાયે આશા ન રાખી કે તેને બળજબરી થી કેદ કરી લેવામાં આવશે.

નૌશેરખાંનની એ ત્રાંસી અને વૃદ્ધ મહિલાની ઝૂંપડીમાંથી નીકળતા ધુમાડાથી મેલો આ મહેલ આજે પણ દુનિયામાં પોતાનો ન્યાય અને ખ્યાતિ ફેલાવી રહ્યો છે. નૌશેરખાંનનો આકાશને સ્પર્શતો મહેલ અને વૃદ્ધ મહિલાની નમેલી ઝૂંપડી બંને સમય જતાં રાખમાં ફેરવાઈ ગયા. રાજા અને વૃદ્ધ મહિલાએ પણ થોડા સમય પહેલા આ દુનિયા છોડી દીધી; પરંતુ તેમની ન્યાયની વાર્તા હજી જીવંત છે. આવા સત્કર્મોએ નૌશેરખાંનનું નામ અમર કર્યું છે. એટલે એ આદર્શને 'આદિલ' કહેવાય છે.

મહાન પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહના માતા મીનળદેવી લોક સેવા માટે ખૂબ જ કાર્યરત હતા, તેમણે લોકોની સુખાકારી માટે ગુજરાતના જુદા જુદા પ્રદેશોમાં અનેક વાવ, કુવા તેમજ તળાવો બંધાવ્યા હતા. આવુ જ એક તળાવ એટલે ધોળકા શહેરમાં આવેલું મલાવ તળાવ. આ મલાવ તળાવ રાજમાતા મીનળદેવીની દેન છે. જે ન્યાય માટે ખૂબ જ પ્રચલિત છે.જ્યારે રાજમાતા મિનળદેવી ધોળકામાં આવેલ મલાવ તળાવનું નિર્માણ કરાવતા હતા ત્યારે આ તળાવના કાંઠા ઉપર એક ગરીબ બાઈનું ઝુંપડી આવેલુ હતું. જો આ ઝુંપડી ખસેડવામાં ન આવે તો તળાવની ગોળાઈ બરાબર આવતી ન હતી. આટલા મોટા અને ખૂબ મોટા ખર્ચ તૈયાર થતા તળાવના ઘાટમાં ખાંચો પડે એ સારૂ ન લાગે, માટે તે બાઈને ઝુંપડાના બદલામાં માંગે તેટલી કિંમત આપવા કહ્યુ પણ તે બાઈને ઘર સાથે એટલી મમતા બંધાયેલી કે તે કોઈ પણ ભોગે ઘર છોડવા તૈયાર જ ન હતી. ખૂબ સમજાવટ બાદ પણ આ બાઈ પોતાનુ ઘર આપવા તૈયાર જ ન થઈ.જો રાજમાતાએ ધાર્યુ હોત તો પોતાની સત્તાના જોરે ઝુપડુ ખાલી કરાવી શકતા હતા. પરંતુ તેમણે તે ઝુપડુ ત્યાં રહેવા દીધુ જેને કારણે આજે પણ આ તળાવમાં ખાંચો છે. આવી હતી રાજમાતા મીનળદેવીની ન્યાયપ્રિયતા ! એટલે જ કહેવાતું કે ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ ! અને કદાચ આ જ ન્યાયપ્રિયતાના કારણે આજે આપણે રાજ માત મિનળ દેવી તથા તેમના દ્વારા બંધાવેલ આ ભવ્ય મલાવ તળાવને યાદ કરીએ છીએ.

# ફિજિકલ એક્ટિવિટીને લઇ આળસ

હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઈ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે.

અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે.

લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.

# આરોગ્યપ્રદ મજેદાર કહેવતો અને બાળગીતો



ગુજરાતી કહેવતો હોય કે અન્ય ભાષાની કહેવતો વ્યવહારિક હોય કે આરોગ્યને લગતી હોય સાદી રીતે કહીએ તો કહેલી વાત અથવા કથન કે લોકો દ્વારા બોલવામાં આવતી વાચા પરંપરાથી લોકોમાં કહેવાતું બોધરૂપ, દૃષ્ટાંતરૂપ વાકય. ડાહ્યા માણસો અનુભવી દ્વારા જે વચન કહેવાય ગયા છે, તે જ કહેવત, કહેવત કે બાળગીત કોણે કહ્યાં કોણે સૌપ્રથમ લખ્યા તેના વિશે કોઈ ચોક્કસ માહિતી નથી. પણ એમ કહી શકાય કે અગાઉના સમયમાં બની ગયેલા કોઈ પ્રસંગમાંથી અથવા વડવાઓ દ્વારા અથવા સૂઝ-સમજણવાળા માણસો દ્વારા કહેલી વાર્તાલાપમાંથી કહેવતો નો જન્મ થયો એમ કહી શકાય. ટૂંકમાં કહીએ તો પ્રજાનું ઘૂટાયેલું ભાષા બદ્ધ થયેલી અનુભવવાણી, કહેવતો લોક સંસ્કૃતિનું દર્પણ છે. એમાં સમાજ વ્યવહારનું સીધું પ્રતિબિંબ અને લાંબી સમજ મળે છે. બાળગીતો, કહેવત અને ઉખાણાંઓમાં વ્યવહાર-જ્ઞાનનો અને આરોગ્ય જ્ઞાનનો ખજાનો છે. જ્ઞાનવાણી પ્રજા જીવનનું ડહાપણ વગેરે વારસાગત રીતે પરંપરાથી પેઢી દર પેઢી ઊતરી આવે છે. ગુજરાતી કે અન્ય ભાષાની કહેવતો નવી પેઢીને પહોંચાડવી એ લોઢાન ચણા ચાવવા બરાબર છે. આધુનિક યુગની ઝાકળઝંઝાથી યુવાનો દૂર ભાગે અને કુદરત તરફ આકર્ષાય એવો પ્રયાસ જરૂરી છે. માનવીએ પોતાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહીને રોગપ્રતિકારક શક્તિ વધારવી જોઈએ. સ્વાસ્થ્યની ખરી કિંમત તો તેની ગેરહાજરીમાં સમય. માનવ અસ્તિત્વ માટે સ્વાસ્થ્ય અને તેની જાળવણી ખાસ મહત્ત્વની છે. આરોગ્યને લગતી કહેવતોમાંથી બોધ લઈને તેનો ઉપયોગ જીવનમાં લાવી આરોગ્ય જાળવી શકાય છે.કહેવત એ લોકસાહિત્યનું લઘુ સ્વરૂપ છે. કહેવતને સંસ્કૃત અને હિંદીમાં 'લોકોક્તિ' મરાઠીમાં મ્હણ, બંગાળમાં પ્રવાદ, નેપાળમાં કહાવત, પંજાબીમાં કહોત, રાજસ્થાનીમાં ઓખાણા અને અંગ્રેજીમાં પ્રોવર્બ તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીમાં પણ તેને કહેવત, ઉક્તિ, કહેતી, કોયડો કે સમસ્યા જેવા થાય છે.

# મીઠાના આ ટોટકા દૂર કરી દેશે ઘરમાંથી ગરીબી, ખરાબ નજરથી પણ રાખશે દૂર



જીવનમાં ઘણી વખત મહેનત કર્યા પછી પણ સફળતા મળતી નથી. ગૃહ કલેશ અને મન ઉદાસ રહે છે તો મીઠાના ટોટકા આ સમસ્યાને ખતમ કરી શકે છે. તો ચાલો જાણીએ આ ટોટકા કયા છે અને કેવી રીતે કરવું. દરેક જીવનમાં પૈસા અને સારું સ્વાસ્થ્ય મેળવવા ઈચ્છે છે. એના માટે વ્યક્તિ દિવસ રાત મહેનત કરે છે. સવારે યોગથી લઈ વર્કઆઉટ કરે છે. આટલી બધી મહેનત પછી પણ કેટલાક લોકો પૈસાની તંગીનો સામનો કરી રહ્યા હોય છે. ઘરમાં કહેલ અને દરિદ્રતા છવાય જાય છે. એનું કારણ ભાગ્યનો સાથ ન એવો અને વાસ્તુ દોષ છે. એનાથી છુટકારો મેલકવવા માટે તમે મીઠાના ઉપાય કરી શકો છો. મીઠું ભોજનમાં સ્વાદ ઉમેરવા સાથે જીવનની ઘણી પરેશાનીઓ દૂર કરી શકે છે.

જ્યોતિષચાર્ય અનુસાર, જ્યોતિષમાં મીઠાનું ખુબ મહત્વ હોય છે. એનો ઉપયોગ રોગ દોષ દૂર કરવા સાથે ખરાબ નજર પણ હટાવે છે. એના ઉપાય ઘરમાં સંપન્નતા લાવી શકે છે. આ ઉપાય કરવાથી વાસ્તુ દોષથી લઈ ગ્રહ દોષ પણ દૂર થઈ શકે છે. જો તમે પણ સમસ્યાઓથી પરેશાન છો તો મીઠાના આ ટોટકા અજમાવી શકો છો. ઘરમાંથી દુર થઈ જાય છે બધી નકારાત્મકતાઃ જો તમારા ઘરમાં નકારાત્મકતા હાવી થઈ ગઈ છે. એના કારણે ઘરમાં વ્યક્તિના વિચારવાની સમજવાની શક્તિ પણ પ્રભાવિત થાય છે. મનમાં હંમેશા દુઃખી અને ગંદા વિચાર આવે છે. એનાથી છુટકારો મેળવવા પાણીમાં એક ચમચી મીઠું નાખો. આ પાણીનું પોતું મારો. નિયમિત રૂપથી આવું કરવાથી નકારાત્મકતા દૂર થશે અને સકારાત્મકતાનો વાસ થશે. દૂર થઈ જશે પૈસા સાથે જોડાયેલી સમસ્યાઓઃ ઘણા પૈસા કમાયા પછી પણ ઘરમાં તંગી રહે છે. ધન નહીં ટકતું અને ગરીબી રહે છે તો મીઠાના ટોટકા ખુબ લાભકારી છે. એના માટે મીઠાના એક કાચના ગ્લાસમાં ભરી એમાં ૪-૫ લવિંગ નાખી મૂકી દો. આવું કરવાથી ઘરમાં બરકત રહેશે. ગરીબી ખતમ થશે અને અટકેલું ધન પ્રાપ્ત થશે. પતિ-પત્ની વચ્ચે પ્રેમ વધશેઃ પતિ-પત્ની વચ્ચે ઝગડા કે તણાવ રહે છે. તેનું કારણ વાસ્તુ દોષ હોઈ શકે છે. ગ્રહો, નક્ષત્રો અને કુંડળીમાં દોષ પણ તેનું કારણ છે. જો તમે પણ તેનાથી પરેશાન છો તો મીઠાનો આ ઉપાય તેને દૂર કરી શકે છે. આ માટે કાચના બાઉલમાં અથવા ગ્લાસમાં રોક સોલ્ટ નાખીને બેડરૂમમાં રાખો. તેનાથી રૂમમાં રહેલી નકારાત્મકતા દૂર થશે. પતિ-પત્નીના સંબંધો સુધરતાં પ્રેમ વધશે. ખરાબ નજરનો ઈલાજઃ મીઠાના આ ટોટકા ખરાબ નજરને પણ દુર કરે છે. જો ઘરના નાના બાળકો પર ખરાબ નજર પડે તો ચિંતા ન કરો. તેમને સ્નાન કરાવતી વખતે પાણીમાં થોડું મીઠું નાખો. આ યુક્તિ ચૂપચાપ કરો.

# ધર્મ રહસ્યઃ કેમ નંદીના કાનમાં બોલવાનું મહત્વ છે?

શિવ મંદિરમાં નંદીના કાનમાં પોતાની મનોકામના કહેવામાં આવે છે. તમારામાંથી પણ ઘણા લોકો આવું કરતા હશે. પણ આ પરંપરા પાછળની માન્યતા આપને ખબર છે? માન્યતા છે કે ભગવાન શિવ તપસ્વી છે અને તેઓ હંમેશાં સમાધિમાં રહે છે. એવામાં તેમની સમાધિ અને તપસ્યામાં કોઈ વિઘ્ન ન આવે, એટલા માટે નંદી જ વ્યક્તિની મનોકામના શિવજી સુધી પહોંચાડે છે. આ માન્યતાના કારણે લોકો શિવજીના બદલે નંદીને મનોકામના સંભળાવે છે. શાસ્ત્ર, વેદ, પુરાણો અનુસાર



શિવજીએ નંદીને વરદાન આપ્યું છે કે જ્યાં હું હોઈશ ત્યાં તમારે મારી સાથે રહેવાનું છે. ભોળાનાથે નંદી મહારાજને એ પણ વરદાન આપ્યું છે જે કોઈ શિવભક્ત તમારા કાનમાં મનોકામના કહેશે તેમની ઈચ્છા હું પૂર્ણ કરીશ.

જ્યોતિષાચાર્ય દિપેનભાઈ રાવલના જણાવ્યા મુજબ, ભગવાન ભોળાનાથે અમુક નિયમો પણ કહ્યા છે જ્યારે નંદી મહારાજને કાનમાં કહેવું હોય ત્યારે જમણા કાનમાં કહેવું અને ત્રણ તાળી વગાડવી અને કહેતી વખતે ઓમ શબ્દનો ઉચ્ચાર કરો. કારણ કે ઓમ શબ્દ એ બ્રહ્મ શબ્દ છે અને ઓમ નમઃ શિવાય કહ્યા બાદ જો તમારે મનોકામના, વેદના, સમસ્યા કહેવામાં આવે તો શિવજી જલ્દીથી તે મનોકામના પૂર્ણ કરે છે.

# ભૂલથી પણ આવી છોકરીઓ સાથે લગ્ન ન કરતા



તમારે તામરા માટે લાઈફ પાર્ટનર ખૂબ જ કાળજીપૂર્વક પસંદ કરવું જોઈએ. કારણ કે તે સ્ત્રી જ છે જે તમારા જીવનના તમામ ખરાબ સંબંધોને સુધારી શકે છે અને સારા સંબંધોને પણ બગાડી શકે છે. આવી સ્થિતિમાં લગ્ન માટે યોગ્ય છોકરીની પસંદગી કરવામાં તમે ચાણક્ય નીતિની મદદ લઈ શકો છો.

લગ્ન માટે એક સારી છોકરી શોધવી સરળ નથી. આજના સમયમાં વધુ છોકરાઓ સુંદરતા જોઈએને છોકરીઓ સાથે લગ્ન કરે છે અને થોડા સમય પછી એને જ્ઞાત થાય છે કે એમણે લગ્ન કરી મોટી ભૂલ કરી દીધી. ત્યાં જ પોતાના ઘરના લોકો દહેજના ચક્કરમાં તપાસ કર્યા વગર પોતાની છોકરીના લગ્ન કરાવી દે છે. પછી ઘરમાં રોજ રોજ થતા ઝગડાથી પરેશાન થઈ જાય છે. આવી સ્થિતિમાં, જો તમે તમારા પરિવારમાં આવી સ્ત્રીને વહુ તરીકે લાવવાથી બચવા માંગતા હોવ, તો લગ્ન માટે છોકરી પસંદ કરતી વખતે, ચાણક્ય નીતિમાં ઉલ્લેખિત કેટલીક બાબતોનું ધ્યાન રાખો. ચાણક્ય નીતિ ભારતના મહાન અર્થશાસ્ત્રી અને દર્શનિય આચાર્ય ચાણક્ય દ્વારા લખવામાં આવી છે. એમાં સેંકડો વર્ષ પહેલાં જણાવેલી વાતો વર્તમાન સમય અને પરિસ્થિતિ માટે એકદમ સચોટ છે. તેની મદદથી વ્યક્તિ પોતાના અંગત જીવનની દરેક સમસ્યામાંથી સરળતાથી બહાર નીકળી શકે છે. સારા સંસ્કાર અને ગુણનો અભાવઃ ચાણક્ય નીતિમાં એવી છોકરી સાથે લગ્ન ન કરવાની સલાહ આપવામાં આવી છે, જે સમાન કુળની ન હોય કે નીચી જાતની ન હોય. કારણ કે આવી છોકરીઓમાં સંસ્કારનું સ્તર પણ આ જ રીતે ઓછું હોય છે. આ બાબત તેના ઉઠવા-બેસવા, બોલવા ચાલવામાં પ્રતિબિંબિત થાય છે. જ્યારે આ વાતને અવગણીને લગ્ન કરવામાં આવે છે, તો ઘરમાં ઝઘડાની શક્યતાઓ ઘણી વધી જાય છે. ધર્મમાં ન માનનારઃ જે છોકરીને પોતાના ધાર્મિક કાર્યમાં વિશ્વાસ હોય, આવી છોકરી જીવનસાથી બનવા માટે શ્રેષ્ઠ હોય છે. જે છોકરીઓને પોતાના ધર્મ અને કર્મ વિશે જાણકારી હોતી નથી, આવી છોકરીઓ વારંવાર ઘર તોડવાનું કામ કરે છે. તેણી તેના પરિવારના સભ્યો કરતા તે લોકો માટે વધુ પ્રિય છે, જેઓ તેણીને ખુશ કરવા માટે ખોટી પ્રશંસા કરે છે. ગુસ્સેલ સ્વભાવ વાળી છોકરીઓઃ આચાર્ય ચાણક્ય લગ્ન માટે એવી છોકરી પસંદ કરવાની સલાહ આપે છે, જે શાંત સ્વભાવની હોય, જે દરેક મુદ્દા પર ગુસ્સે ન થાય.

## BOLLYWOOD NEWS FLASH

### ૨૩ સપ્ટેમ્બરથી લગ્નના ફંક્શન શરૂ થશે : લગ્ન પહેલાં મહેમાનો માટે અનેક પ્રકારની ફન એક્ટિવિટીનું આયોજન



# દિલ્હીમાં રાઘવ-પરિણીતીના પરિવાર વચ્ચે યોજાશે ક્રિકેટ મેચ

| મુંબઈ, તા.૨૦ |

AAP સાંસદ રાઘવ ચઢ્ઢા અને પરિણીતી ચોપરા ૨૪ સપ્ટેમ્બરે ઉદયપુરમાં લગ્ન કરશે. એક રિપોર્ટ અનુસાર પરિણીતી-રાઘવના લગ્ન પહેલાં દિલ્હીમાં બંને પરિવારો વચ્ચે ક્રિકેટ મેચ રમાશે.

રિપોર્ટ અનુસાર, લગ્ન પહેલાં બંને પરિવારના મહેમાનો માટે અનેક પ્રકારની રમતો અને મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચોપરા અને ચઢ્ઢા પરિવારની મેચ હશે. રાઘવ-પરિણીતીના ખાસ મિત્રો પણ આ મેચનો ભાગ હશે. આ મેચ બાદ બંનેના પરિવાર લગ્નના ફંક્શન માટે ઉદયપુર જવા રવાના થશે. હાલમાં, બંને પરિવાર શીખ ધર્મ અનુસાર અરદાસ અને કીર્તન માટે દિલ્હીમાં છે. આ પછી રાઘવ-પરિણીતી તેમના મિત્રો સાથે ગેટ-ટુ-ગેધર પાર્ટી પણ કરશે. ગઈકાલે રાઘવ પરિણીતીને દિલ્હી એરપોર્ટ પર રિસીવ કરવા આવ્યો હતો. જેનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. આ વીડિયોમાં રાઘવ-પરિણીતી બ્લુ આઉટફિટમાં ટ્વિન કરતા જોવા મળ્યા હતા. તેણે સફેદ સ્નીકર્સ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો. રાઘવ ચઢ્ઢાએ પણ બ્લેક પેન્ટ સાથે એ જ બ્લુ શર્ટની સ્ટાઈલ કરી હતી અને બ્રાઉન શૂઝ પહેર્યા હતા. ઉદયપુરમાં ૨૩ સપ્ટેમ્બરથી લગ્નના ફંક્શન શરૂ થશે. આ કાર્યક્રમો હોટેલ લીલા પેલેસ ખાતે યોજાશે. ૨૪ સપ્ટેમ્બરે ઉદયપુરની તાજ લેક હોટલમાં લગ્નના ફંક્શન યોજાશે. આ લગ્ન પર્લ વ્હાઈટ અને પેસ્ટલ થીમમાં હશે. અહેવાલો અનુસાર, રાઘવ ચઢ્ઢા હોટલ લીલા પેલેસથી હોટલ તાજ તળાવ સુધી લગ્નની સરઘસ લાવશે.

### ગદર ૨ અને રોકી ઔર રાની કી પ્રેમ કહાનીની સફળતા બાદ ધર્મેન્દ્ર અને સની દેઓલ વિદેશ ચાલ્યા ગયા છે

# સની દેઓલ અને ધર્મેન્દ્રએ શાંતિથી પિઝા ખાધા હતા

| મુંબઈ, તા.૨૦ |

સની દેઓલ છેલ્લા કેટલાક દિવસોથી તેના પિતા અને દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર સાથે અમેરિકામાં છે. ગદર ૨ અને રોકી ઔર રાની કી પ્રેમ કહાનીની સફળતા બાદ સની દેઓલ અને ધર્મેન્દ્ર



વેકેશન પર છે. સની દેઓલ તેની બહેનો અજીતા અને વિજેતાને મળવા પિતા સાથે વિદેશ ગયો છે. ખરેખર અજીતા અને વિજેતા બંને બહેનો અમેરિકામાં રહે છે. સની દેઓલે સોમવારે ત્યાંથી પોતાની અને ધર્મેન્દ્રની એક તસવીર શેર કરી હતી. આ તસવીરમાં ધર્મેન્દ્ર પિઝા ખાતા જોવા મળે છે. સની દેઓલ અને ધર્મેન્દ્ર બંનેએ ટોપી પહેરી છે અને સનીએ પણ ડાર્ક ચશ્મા પહેર્યા છે. આ તસવીર શેર કરતા સની દેઓલે લખ્યું છે કે, ''પાપા અને મેં શાંતિથી પિઝા ખાધા.'' ધર્મેન્દ્ર અને હેમા માલિનીની પુત્રી એશા દેઓલે આ તસવીર પર પ્રતિક્રિયા આપી હતી. તેણે ખરાબ નજરથી બચાવતા બ્લેક હાર્ટ ઈમોજી સાથે ટિપ્પણી કરી છે.

# શાહરૂખની ફિલ્મ બોક્સ ઓફિસ પર સતત સારું પ્રદર્શન કરી રહી છે



| મુંબઈ, તા.૨૦ |

શાહરૂખ ખાનની ફિલ્મ જવાન ૭ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મને સિનેમાઘરોમાં રિલીઝ થયાને ૧૧ દિવસ થઈ ગયા છે. હાલમાં પણ કિંગ ખાનની આ ફિલ્મ કમાણીના મામલામાં અજાયબી કરતી જોવા મળી રહી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર એટલી સફળ રહી હતી કે તે સતત ઘણા રેકોર્ડ પોતાના નામે નોંધાવી રહી છે. હવે ૧૧મા દિવસે કમાણીના આંકડા પણ સામે આવ્યા છે. જો પ્રારંભિક અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, જવાને તમામ ભાષાઓ સહિત ૧૧માં દિવસે ભારતમાં ૩૬.૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. એટલે કે ૧૦મા દિવસની સરખામણીમાં ૧૧મા દિવસે ફિલ્મની કમાણીમાં ઉછાળો આવ્યો છે. ૧૦માં દિવસે જવાને ૩૧.૮ કરોડ રૂપિયાની કમાણી કરી છે. તમામ ભાષાઓ સહિત, જવાને અત્યાર સુધીમાં ભારતમાં ૧૧ દિવસમાં ૪૭૭.૨૮ કરોડ રૂપિયાની કમાણી કરી છે. એટલે કે આ ફિલ્મ હવે ભારતમાં રૂ. ૫૦૦ કરોડના ક્લબથી થોડા જ ડગલાં દૂર છે. આ ક્લબમાં સામેલ થવા માટે શાહરૂખની ફિલ્મને હવે લગભગ ૨૩ કરોડ રૂપિયાની કમાણી કરવી પડશે. શાહરૂખ ખાનની ફિલ્મ જવાનને લોકોનો એટલો બધો પ્રેમ મળી રહ્યો છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સતત સારું પ્રદર્શન કરી રહી છે.

### ટ્રેલરમાં તબ્બુ દેશના ગદ્દારોને પકડવાની રેસમાં લાગેલી છે : ફિલ્મ એસ્કેપ ટુ નો વ્હેર નામના પુસ્તક પર આધારિત

# રો એજન્ટ બની નેટફ્લિક્સ પર આવશે અભિનેત્રી તબ્બુ

| મુંબઈ, તા.૨૦ |

તબ્બુ અને અલી ફઝલની નવી ફિલ્મ ખુફિયાનું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. આ થોડી મિનિટોના ટ્રેલરમાં તમને તબ્બુ અને અલી ફઝલનો એવો લુક જોવા મળશે જે તમને આશ્ચર્યચકિત કરી દેશે. આ સ્પાય થ્રિલર ફિલ્મમાં તબ્બુ રોની એજન્ટ બની છે જ્યારે અલી ફઝલ દેશદ્રોહીના રોલમાં છે. તબ્બુ આ દેશદ્રોહીથી દેશને કેવી રીતે બચાવે છે તે એક ટોપ સિક્રેટ છે. ફિલ્મ 'ખુફિયા'ના ટ્રેલરમાં તબ્બુ અને અલી ફઝલનો જબરદસ્ત અભિનય જોવા મળશે. ટ્રેલરમાં તબ્બુ દેશના ગદ્દારોને પકડવાની રેસમાં લાગેલી છે. આ ફિલ્મ એસ્કેપ ટુ નો વ્હેર નામના પુસ્તક પર આધારિત છે. આ ટ્રેલરમાં બતાવવામાં



આવ્યું છે કે તબ્બુ એક ખતરનાક મિશન પર છે અને દેશના દુશ્મનોને પકડવાનો પ્રયાસ કરી રહી છે. આ ફિલ્મનું નિર્દેશન વિશાલ ભારદ્વાજે કર્યું છે. ફિલ્મ ખુફિયા ૫ ઓક્ટોબરે ઓટીટી પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થશે.

### પ્રેમ કેદી ફિલ્મમા એક દ્રશ્યમાં તેને બિકીની પહેરવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તે તેના માટે તૈયાર ન હતી

# આયેશાએ ૯૦ના દાયકામાં ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું હતું

| મુંબઈ, તા.૨૦ |

અભિનેત્રી આયેશા ઝુલ્કાએ ૯૦ના દાયકામાં ઈન્ડસ્ટ્રી પર રાજ કર્યું હતું. પરંતુ પછી અભિનેત્રીની એક ભૂલ તેના પર એટલી ભારે પડી કે તેનું હિટ કરિયર અચાનક ફ્લોપ થઈ ગયું હતુ. બિકિનીના કારણે ફિલ્મમાંથી બહાર થઈ ગઈ હતી.

અક્ષય-આમિર સાથે કામ કરી ચૂકેલી આ એક્ટ્રેસ. ૯૦ના દાયકામાં આયેશાનું નામ ઈન્ડસ્ટ્રીની ટોચની અભિનેત્રીઓની યાદીમાં સામેલ હતું. જેણે તે સમયે આમિર ખાન અને અક્ષય કુમાર જેવા દિગ્ગજ કલાકારો સાથે હિટ ફિલ્મો આપીને ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી હતી. પરંતુ પછી અચાનક જ અભિનેત્રીની કારકિર્દી ડગમગવા લાગી અને તે ઈન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગઈ હતી.



### રણબીર કપૂરની આ ફિલ્મ આ વર્ષના અંતમાં એટલે કે ૧લી ડિસેમ્બરે દુનિયાભરમાં રિલીઝ થવા માટે તૈયાર છે

# ફિલ્મ "એનિમલ"માં રણબીર કપૂરનો ખૂંખાર લૂક સામે આવ્યો

| મુંબઈ, તા.૨૦ |

બૉલીવુડ એક્ટર રણબીર કપૂરની મૉસ્ટ અવેટેડ અને ચર્ચિત ફિલ્મ એનિમલ તેની રિલીઝને લઈને કેટલાય સમયથી ચર્ચામાં છે. અનેકવાર મેકર્સે ફિલ્મની રિલીઝ ડેટને લંબાવી છે. એનિમલ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહેલા દર્શકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. છેવટે ફિલ્મના મેકર્સે તેની રિલીઝ ડેટ જાહેર કરી દીધી છે. આ ફિલ્મ આ વર્ષના અંતમાં એટલે કે ૧લી ડિસેમ્બરે દુનિયાભરમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મનું ટીઝર ૨૮ સપ્ટેમ્બરે રિલીઝ થશે. સેન્ડી રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત છે, અને આ ફિલ્મ ૫ ભાષાઓમાં રિલીઝ થશે.



# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા નવોદયબુકોનું વિતરણ કરવામાં આવ્યું



| પંકજ પંડિત ઝાલોદ, તા.૨૦ |

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરાવવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા આજરોજ તાલીમ વર્ગ સંજેલી ખાતે નવોદયની તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી દ્વારા તૈયાર કરાયેલી નવોદય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરી શકે તે માટે બુક નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે



દિલીપકુમાર મકવાણાએ જણાવ્યું હતુ કે સારા પુસ્તકો એક સારા મિત્રની ગરજ સારે છે. જેમ બને તેમ વધારે પુસ્તકોનો મહાવરો કરવો જોઈએ.. જરૂર પડે તો અમારા તાલીમ વર્ગ તરફથી વિશેષ મટીરીયલ આપવામાં આવશે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે ચેતનભાઈ ચરપોટ સાહેબ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ટૂંક સમયમાં મોરા - સુખસર - રંધિકપુર તાલીમ કેન્દ્રો પર ન્યુ પાર્થ નવોદય બુકનું વિતરણ કરવામાં આવશે.

# નર્મદા જિલ્લામાં પુરથી અસરગ્રસ્ત ગામોમાં ઘરે ઘરે સર્વે સહિત લોકોને દવાઓ પૂરી પાડવામાં જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો રવાના

| દીપક જગતાપ રાજપીપળા, તા.૨૦ |

નર્મદામાં પૂરબાદ હવે આરોગ્યનો ખતરો ઉભો થયો છે થોડા દિવસ પહેલાં રાજપીપલામાં ડેન્ગ્યુના બે કેસ નોંધાયા હતાં ત્યારબાદ પૂરની સ્થિતિ વણસ્યા બાદ પાણી ઓસરતા રોગચાળાનો ખતરો ઉભો થયો છે. નર્મદાનું આરોગ્ય તંત્ર સચેત બન્યું છે.

ભારે વરસાદની પરિસ્થિતિને કારણે નર્મદા જિલ્લાના અસરગ્રસ્ત થયેલ વિવિધ વિસ્તારોમાં પાણીનાં યોગ્ય નિકાલ, ગંદકી ન ફેલાય અને જરૂરી સાફ - સફાઈ થાય તેમજ અસરગ્રસ્ત થયેલ તમામ વિસ્તારોમાં આજરોજ નર્મદાના તાલુકાઓના THO



અને તાલુકા સુપરવાઈઝર દ્વારા વિવિધ ગામોમાં વિઝીટો કરવામાં આવી હતી. તેમજ નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા અસરગ્રસ્ત ગામોમાં આરોગ્ય કર્મીઓ પહોંચી જઈને સર્વેની કામગીરી હાથ ધરી જરૂરિયાતમંદ લોકોને ગોળી-દવાઓનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. સાથે પીવાના પાણીમાં ક્લોરિનેશનની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

લોકોને સ્વચ્છ અને ઉકાળેલું પાણી પીવાની સલાહ આપવામાં આવી રહી છે. તેમજ આરોગ્ય વિભાગની અલગ-અલગ ટીમો દ્વારા જુદાં જુદાં ફળિયામાં ઘરે ઘરે ફરીને કોઈ બીમાર કે તકલીફમાં નથી તેની પૃચ્છા કરવામાં આવી હતી. ઘરે ઘરે કલોરીન ટેબલેટનું પણ વિતરણ અને એન્ટીલાર્વા કામગીરી તથા બીમાર લોકોને જરૂરી દવાઓ આપવાની PHCના કર્મચારીઓ દ્વારા કામગરી ચાલી રહી છે.



ઝાલોદ, તા.૨૦

તા-૨૦/૯/૨૦૨૩ બુધવારના રોજ પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અને "આયુષ્માન ભવ્" કાર્યક્રમ અનુરૂપ ઈનામી રણિયાર ગામ ખાતે ટીબી મુક્ત ગામ અભિયાન અંગે તાલુકા આરોગ્ય અધિકારી અને પ્રા.આ કેન્દ્ર લીલવા ઠાકોરના મેડિકલ ઓફિસરની હાજરીમાં પ્રચાર અને રેલી યોજવામાં આવી જેમાં શાળાના બાળકો સ્ટાફ પણ હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

### ઝાલોદ તાલુકામાં વિઘ્નહર્તા દેવની વિવિધ મંડળો સ્થાપના કરવામાં આવી

# તાલુકામાં ગ્રામીણ ક્ષેત્રના લોકોનો મોડે સુધી ગણેશજીની પ્રતિમા લેવા ઘસારો

| ઝાલોદ, તા.૨૦ |

ઝાલોદ નગર તેમજ સમગ્ર તાલુકા પંથકમાં વિવિધ ગણેશ મંડળો તેમજ ઘરે ઘરે શુભ મુહૂર્તમાં ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. ઢોલ નગારા તેમજ ગણપતિ બાપા મોરિયાના જય જયકાર સાથે ઠેર ઠેર શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી.

ગણેશ ચતુર્થીના પાવન પર્વની નિમિત્તે નગર સહિત સમગ્ર તાલુકામાં ઠેર ઠેર શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી સમગ્ર તાલુકામાં શ્રીજીના ભક્તો દ્વારા વિધિવત રીતે પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું ત્યારે નાના ભૂલકાઓથી લઈ સૌએ ગણપતિ બાપાની વાજતે ગાજતે નગરમાં ઠેર ઠેર શ્રીજી ની મૂર્તિઓની સ્થાપનવિધિ કરવામાં આવી હતી. નગરના દરેક મંડળો દ્વારા ગણપતિ બાપ્પાનો ભવ્ય દરબાર સજાવી વિધિવત રીતે પૂજા અર્ચના કરી સ્થાપના કરવામાં આવી હતી. મોડે સુધી વિવિધ ગણેશ મંડળોનો ઘસારો મૂર્તિની ખરીદી કરવા નગરમાં જોવા મળતું હતું.



બાપ્પાના વિધિવત સ્થાપન સાથે સાથે આરતી તેમજ પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું સ્થાપન કરાયેલા સ્થળ ઉપર લાઈટના સહિતના ડેકોરેશન તેમજ વિવિધ નયનરમ્ય ઝાંખીના દર્શન કરાયા હતા ત્યારે વિવિધ શણગાર કરી અને આજરોજ ગણેશ ચતુર્થી નિમિત્તે તાલુકામાં શ્રીજીની ભક્તો દ્વારા પૂજા પાઠ આરતી મહાપ્રસાદ સાથે સ્થાપન કરાયેલ હતા.

# જસદણ દાઉદી વ્હોરા સમાજની બુરહાની મસ્જિદનો અગિયારમાં વર્ષમાં પ્રવેશ : સૈયદના સાહેબે કર્યું હતું ખાતમુહૂર્ત ઉદ્ઘાટન

હુસામુદ્દીન કપાસી
| જસદણ, તા.૨૦ |





જસદણ દાઉદી વ્હોરા સમાજની બુરહાની મસ્જિદએ આજે દસ વર્ષ પૂર્ણ કરી અગિયારમાં વર્ષમાં દબદબાભેર પ્રવેશ કર્યો છે વિગતે જોઈએ તો જસદણની સાંકડીશેરી વ્હોરાવાડ વિસ્તારમાં ફાંતેમી સ્ટાઈલથી બનાવેલ દાઉદી વ્હોરા સમાજની અદ્યતન મસ્જિદ આજે અગિયારમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે આ મસ્જિદનું ખાતમુહુર્ત, ઉદ્ઘાટન અને નામકરણવિધિ સમાજના વર્તમાન ત્રેપનમાં દાઈ (સર્વોચ્ચધર્મગુરુ) નામદાર ડો. સૈયદના આલિકદર મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ.) એ કરેલ હતું પાંચ વર્ષનાં બાળક સાથે સરળતા, સહજતાથી વાત કરે એવી રીતે કોઈપણ દેશના વડાપ્રધાન પ્રમુખ સાથે સીધો સંવાંદ સાધતાં માનવતાવાદી તાજદાર ડો સૈયદના સાહેબ અત્યાર સુધીમાં જસદણ શહેરમાં બે વખત પધરામણી કરી હતી અને પ્રથમ ખાતમુર્હૂત વખતે અને ત્યારબાદ મસ્જિદનું બાંધકામ ત્રણ વર્ષ ચાલ્યું એટલે કે ઈસ્વીસન ૨૦૧૩માં ફરી ઉદઘાટન માટે પધાર્યા હતા દરમિયાન તેમણે આ અદ્યતન મસ્જિદના નિર્માણકાર્ય માટે જબરી નાણાંકીય સહાય આપ નારા મર્હુમ શેખ યુસુફઅલી નુરભાઈ ભારમલ પરિવાર જસદણ અને મર્હુમ શેખ અહેમદઅલી મું. હસનઅલી ભારમલ પરિવાર મુંબઈને ખાસ નવાજ્યા હતાં અત્રે નોંધનીય છે કે સમાજમાં જેનો પડ્યો બોલ ઝીલાય છે એવા વિશ્વલોક કલ્યાણકારી ડો. સૈયદના સાહેબ વિશ્વપ્રવાસ કરી પોતાના અનુયાયીઓને મળવા જાય છે અને કહે છે કે તમે જે દેશ પ્રદેશમાં રેહતા હો ત્યાંની સરકારને વફાદાર રહો અને નીતિમત્તાના ધોરણે રહો.

# ઝાલોદ પોલિસ દ્વારા આગામી તહેવારોને અનુલક્ષી નગરમાં ફૂટમાર્ચ કાઢવામાં આવી



| ઝાલોદ, તા.૨૦ |

ઝાલોદ નગરના ડી.વાય. એસ.પી પટેલની આગેવાની હેઠળ આજરોજ તારીખ ૧૯-૦૯-૨૦૨૩ મંગળવારના રોજ ઝાલોદ પોલિસ સ્ટેશનથી નગરના વિવિધ માર્ગો પર આગામી તહેવારો ગણેશ વિસર્જન અને ઈદને અનુલક્ષીને સુરક્ષા વ્યવસ્થા જાળવવા હેતુથી સી.પી.આઇ રાઠવા અને પી.એસ.આઇ રાઠવા તેમજ અન્ય પોલિસ સ્ટાફને સાથે રાખી નગરમાં ફૂટ-માર્ચ યોજવામાં આવેલ હતું. કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તેમજ નગરના સહુ લોકો પ્રેમભાવ બનાવી તહેવારોની ઉજવણી કરે તે હેતુથી ફૂટમાર્ચ કાઢવામાં આવેલ હતી. નગરના દરેક તહેવારો શાંતિ સાથે ઉજવાય તેમજ કોઈ પણ તંગદિલીના સર્જાય તેવા ઉદ્દેશ સાથે નગરના મુખ્ય માર્ગો પર પોલિસ તંત્ર દ્વારા ફૂટમાર્ચ યોજવામાં આવેલ હતી.







મનીષ પ્રજાપતિ, આણંદ



આણંદ શહેર માં શ્રી રામ આનંદ પરિવાર દ્વારા આયોજિત ગણેશ ઉત્સહવ નિમિત્તે ગણેશ ભગવાનની મુર્તિની ૫ દિવસ માટે પ્રતિષ્ટા કરવામાં આવી જેમાં ભગવાન ગણેશ ને ધામધૂમ થી લાવવામાં આવેલ અને અમારા જિલ્લા ના સી.એન.એન ચેનલ ના મનીષ પ્રજાપતિ,તેમના પરિવાર સાથે આ ઉત્સહવમાં જોડાયા હતા અને પૂરો સાથસહકાર આપ્યો હતો. તેમની સાથે મનહરભાઈ પટેલ, રૂપેશભાઈ શાહ, મિલન સોની, અમરીશભાઈ દલવાડી, પ્રકાશભાઈ, રાજુભાઈ, યોગેશભાઈ તેમજ યંગ ગ્રુપ અવી પ્રજાપતી, વ્રજ દલવાડી, પાર્થ તથા અન્ય સાથે મળી ને ૫દિવસ માટે લાવવામાં આવેલ ગુજરાતમાં ગણેશ ભગવાનના ૧૦ દિવસ બહુજ પવિત્ર ગણવામાં આવે છે, માટે આ દિવસો માં તમામ જગ્યા પર ૧૦ દિવસ મનોરંજન પ્રોગામ કરી આનંદ કરવામા આવે છે.

# નર્મદા નદી કિનારાના વિસ્તારોમાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું માર્ગ અને મકાન વિભાગનું દુરસ્તીકરણ કરાયુ

| દીપક જગતાપ રાજપીપળા, તા.૨૦ |

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદીના ઉપરવાસમાં પાણીનો વિપુલ જથ્થો સરદાર સરોવરમાં આવતા ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો હતો. જેથી નર્મદા નદીમાં પાણી છોડવાની જરૂરિયાત ઊભી થતાં નદી કાંઠા વિસ્તારના નાંદોદ, ગરૂડેશ્વર અને તિલકવાડા તાલુકાના કેટલાંક ગામોના લોકોના જનજીવન પ્રભાવિત થયા હતા. કાંઠા વિસ્તારના ઘરોમાં, ખેતરો-ખાડી તેમજ કોતરોમાં પાણી ફરીવળતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી કરવામાં આવી હતી. જેમાં NDRF અને SDRFની ટીમોની મદદ લઈને કુલ ૧૭ જેટલા અસરગ્રસ્ત ગામોના ૩૯૦ લોકોનું રેસ્ક્યુ કરી સ્થળાંતર કરીને સુરક્ષિત સ્થળે રાખવામાં આવ્યા હતા. જ્યારે પુરના કારણે જિલ્લામાં કોઈ માનવ મૃત્યુ નોંધાયું હોય તેવી વિગતો લોકો દ્વારા ક્યાંય સામે આવી નથી.

માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) હેઠળ તેમજ પંચાયતના નર્મદા જિલ્લાની હદમાં આવતા માર્ગો પૈકી વરસાદ અને પુરના પાણીના કારણે માર્ગો પર કેટલાક સ્થળે ધોવાણ થતા તેમજ માટી ધસી આવતા વાહનવ્યવહારને અંશતઃ અસર વર્તાઈ હતી. રોડ પરના ગામો અને તાલુકાઓને જોડતા રસ્તાઓને નુકશાન થયું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રસ્તાઓનું નાનુ-મોટું દુરસ્તીકરણની કામગીરી તાત્કાલિક અસરથી હાથ ધરવામાં આવી છે. અને હજી પણ જરૂર જણાય ત્યાં કામગીરી ચાલી રહી છે. જેના પરિણામે ખૂબ જ ટુંકા ગાળામાં જિલ્લાને જોડતા મુખ્ય રસ્તાઓ ઉપરનું વાહનવ્યવહાર હાલમાં પૂર્વવત કરી દેવામાં આવ્યું છે. આ તમામ રસ્તાઓ પૈકી કેટલાક સ્થળે બાકી રહેલી કામચલાઉ કામગીરી ટુંક સમયમાં પૂર્ણ કરવા માટેની કામગીરી શ્રમિકો દ્વારા-મશીનરી દ્વારા પુરજોશમાં ચાલી રહી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમારા લગ્નજીવનમાં આજનો દિવસ વિશિષ્ટ છે, આજે તમને કશુંક ખરેખર અસાધારણ અનુભવવા મળશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. પૈસા ની અછત આજે ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપ તા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. તમે આજે આ સમજી શકશો, પરંતુ હજી પણ તમે તમારા પરિવાર ના સભ્યો ને પૂરતો સમય આપી શકશો નહીં.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો?

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો. તેને બિરદાવવામાં ઉદારતા અને નિષ્ઠા દાખવો. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. તમને અને તમારા જીવનસાથીને પ્રેમ કરવાનો ખાસ્સો સમય મળી રહ્યો હોવાનું જણાય છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. નવા સંબંધો લાંબા ગાળાના તથા ખૂબ જ લાભદાયક ઠરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. આમ કરવા થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. આજે તમને તમારી જીવનસંગિની સાથે વીતાવવા માટે પૂરતો સંમય મળશે, પણ સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી તરફ મદદ માટે મીટ માંડનારાઓને તમે વચન આપશો. સંબંધીઓને કારણે તમારી વચ્ચે તકરાર થવાની શક્યતા છે.

## સોશિયલ મીડિયા કંપનીના માલિક ભારત પર આફ્રિન

# ભારતના લોકો અને કંપનીઓ ટેકનોલોજી અપનાવવામાં સૌથી આગળ : માર્ક ઝકરબર્ગ



। નવી દિલ્હી, તા.૨૦ ।

વિશ્વની સૌથી મોટી સોશિયલ મીડિયા કંપની મેટાના માલિક માર્ક ઝકરબર્ગ વર્ષોથી ભારતના આફરીન છે. કેમ ન પણ હોય ? કોઈપણ કંપની માટે વિશ્વનું સૌથી મોટું બજાર, ભારતમાં ધંધો ચલાવવો હોય તો ભારતને કેન્દ્ર સ્થાને રાખવું આવશ્યક જ છે. ફરી એક વખત ભારતના વખાણ કરતા માર્કે ભારતને વિશ્વ નેતા ગણાવ્યું છે. તેમણે કહ્યું કે ભારતના લોકો અને કંપનીઓ ટેકનોલોજી અપનાવવામાં સૌથી આગળ છે.

મેટાનો જ એક ભાગ, મેસેજિંગ પ્લેટફોર્મ વોટ્સએપે બુધવારે એક ઈવેન્ટમાં પેમેન્ટ સોલ્યુશન્સ અને અન્ય ઘણા ફીચર્સ લોન્ચ કર્યા હતા. સીઈઓ માર્ક ઝકરબર્ફગે મુંબઈમાં આયોજિત વોટ્સએપ કાર્યક્રમને વર્ચ્યુઅલ સંબોધિત કરતા માર્કે ભારતના વખાણ કર્યા હતા. તેમણે ભારતના ડિજિટલ પેમેન્ટ સ્વીકૃતિની ભરપેટ પ્રશંસા કરી હતી. ભારતના લોકો અને ભારતીય કંપનીઓ ટેકનોલોજી અપનાવવામાં સૌથી આગળ છે. લોકો અને કંપનીઓ વિવિધ કાર્યોને પૂર્ણ કરવા માટે મેસેજિંગનો ઉપયોગ કેવી રીતે કરી શકે છે તેમાં પણ ભારત વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે.

બુધવારે વ્હોટ્સએપએ પેયુ અને રોઝોરપે સાથે હાથ મિલાવ્યા છે. આ જોડાણ સાથે વોટ્સએપ યુઝર્સને ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, નેટ બેક્િંગ, યુપીઆઈ એપ વગેરે દ્વારા પેમેન્ટ કરવાની સુવિધા મળશે. આ સિવાય માર્ક ઝકરબર્ગે વ્હોટ્સએપ પર બિઝનેસ માટે વેરિફિકેશનની સુવિધા શરૂ કરી હતી. તેમણે કહ્યું કે, ઘણી ભારતીય કંપનીઓ ગ્રાહકો અસલી અને નકલીને ઓળખી શકે તે માટે અમારી પાસેથી આ વેરિફિકેશન સર્વિસની માંગ કરી રહી હતી,જેને અમે આજે પૂર્ણ કરી રહ્યાં છીએ. આ કાર્યક્રમ દરમિયાન માર્ક ઝકરબર્ગે વોટ્સએપ ફ્લોઝ નામનું નવું ફીચર પણ રજૂ કર્યું હતું. આ ફીચર કંપનીઓને ચેટને કસ્ટમાઈઝ અને પર્સનલાઈઝ કરવાની મંજૂરી આપશે.

## અમેરિકા-બ્રિટને હાથ ખેંચી લીધા

# કેનેડા દ્વારા ભારતને બદનામ કરવા માટેની યોજના પર પાણી ફરી વળ્યું

## કેનેડાએ ભારત સાથે પોતાના સૌહાર્દપૂર્ણ સંબંધ તણાવમાં ફેરવી નાખ્યા છે અને દાવો કરી રહ્યું છે કે ખાલિસ્તાની આતંકીની હત્યા પાછળ ભારતનો હાથ છે

। નવી દિલ્હી, તા.૨૦ ।

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ આરોપ લગાવ્યો છે કે ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ છે. તેમણે મંગળવારે કહ્યું કે આતંકીની હત્યા ભારતે કરી છે. હવે ભારત અને કેનેડામાં ડિપ્લોમેટિક સ્તરે લડાઈ શરૂ થઈ ગઈ છે. ભારતની નીતિ રહી છે કે તે વિદેશમાં થઈ રહેલી કોઈ પણ ગતિવિધિને લઈને કડક પગલું ભરતું નથી. તે સ્થાનિક સરકારોને કાર્યવાહી કરવાનું કહે છે. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડોએ પોતાના ખાલિસ્તાન પ્રેમના પગલે આ નિવેદન આપ્યું છે. જેના કારણે બે દેશો વચ્ચે દાયકાઓથી ચાલી રહેલા મૈત્રીપૂર્ણ સંબંધો પ્રભાવિત થયા છે.

જસ્ટિન ટ્રૂડોના આરોપોનું પરિણામ એ નીકળ્યું કે ભારત અને કેનેડા વચ્ચે એક ડિપ્લોમેટિક યુદ્ધ છેડાઈ ગયું જેમાં ડિપ્લોમેટ્સનું નિષ્કાસન પણ થયું. બીજા બાજુ કેનેડા દ્વારા ભારતમાં રહેતા પોતાના નાગરિકો માટે એડવાઈઝરી પણ બહાર પાડવામાં આવી છે.

કેનેડાએ એવો દાવો કર્યો કે જેના કારણે તેના ભારત સાથેના સંબંધ પ્રભાવિત થયા. કેનેડા



ઈચ્છતું હતું કે અમેરિકા સહિત તેના નીકટના સહયોગીઓ સાથે આવે અને ભારતની ટીકા કરે. વોશિંગ્ટન પોસ્ટના એક રિપોર્ટ મુજબ જસ્ટિન ટ્રૂડોની આ કોશિશ સફળ થઈ શકી નહીં. કારણ કે અનેક દેશોએ આ માંગણીથી પોતાના હાથ પાછા ખેંચી લીધા.

એક પશ્ચિમી અધિકારીના હવાલે કહેવાયું કે આ વર્ષ જૂનમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના મામલાને ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યૂઝીલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, અને અમેરિકાના અનેક સીનિયર ઈન્ટેલિજન્સ અધિકારીઓએ ઉઠ-ાવ્યો હતો. સપ્ટેમ્બરના પહેલા સપ્તાહમાં દિલ્હીમાં યોજાયેલી મેગા જી૨૦ સમિટમાં આ મામલાને જાહેર રીતે ઉઠાવાયો નહીં. જસ્ટિન ટ્રૂડોએ એવો દાવો કર્યો હતો કે તેમણે પીએમ મોદી સમક્ષ પણ આ મુદ્દાને ઉઠાવવાની કોશિશ કરી હતી.

શિખર સંમેલનના સમાપનના અઠવાડિયા બાદ કેનેડિયન પીએમ જસ્ટિન ટ્રૂડોએ ભારત સરકાર પર એક ગંભીર આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કેનેડાની ધરતી પર એક કેનેડિયન નાગરિકની હત્યા ભારતે કરી છે. કેનેડાના સહયોગીઓએ ભારત સાથે પોતાના સંબંધો સાચવવા માટે કેનેડાના નિવેદનથી અંતર જાળવ્યું છે. અમેરિકા, બ્રિટન અને ઓસ્ટ્રેલિયાએ જસ્ટિન ટ્રૂડો દ્વારા લગાવવામાં આવેલા આરોપો પર ચિંતા તો વ્યક્ત કરી પરંતુ તપાસ પૂરી થતા પહેલા કોઈ ટિપ્પણી કરવાનું ટાળ્યું.

વ્હાઈટ હાઉસે કહ્યું કે અમે અમારા કેનેડિયન ભાગીદારોની સાથે નિયમિત સંપર્કમાં રહીએ છીએ. એ મહત્વપૂર્ણ છે કે કેનેડાની તપાસ આગળ વધે, અને અપરાધીઓને ન્યાયના ઘેરામાં લાવવામાં આવે. લંડનમાં બ્રિટન સરકારના પ્રવક્તાએ કહ્યું કે અમે આ ગંભીર આરોપો વિશે અમારા કેનેડિયન સહયોગીઓ સાથે સંપર્કમાં છીએ. કેનેડિયન અધિકારીઓ દ્વારા ચાલી રહેલી તપાસ દરમિયાન ટિપ્પણી કરવી એ અયોગ્ય રહેશે. ભારત સાથે વેપારવાર્તા પહેલાની જેમ ચાલુ રહેશે.

## કાશ્મીરની ઝેલમ નદીમાં ગણેશ ભગવાનની મૂર્તિનું વિસર્જન કરાયું

। જમ્મુ, તા.૨૦ ।

કાશ્મીરમાં ગઈકાલે ગણેશ ચતુર્થીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આતંકવાદ ફેલાયા બાદ પ્રથમ વખત અહીં ઝેલમ નદીમાં ગણેશ ભગવાનની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. શહેરના હબ્બા કદલ વિસ્તારમાં આવેલા ગણપતિયાર મંદિરમાં સૌથી મોટા ઉત્સવ અને પૂજાનું આયોજન થયું હતું. કાશ્મીરી પંડિત નેતા સંજય ટીકકૂએ જણાવ્યું હતું કે, 'ગણેશ ભગવાનન જન્મદિવસ પર મંદિરમાં હવાનની સાથે વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. જેવી રીતે મહારાષ્ટ્ર અને દેશના અન્ય ભાગોમાં ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવે છે તેવી રીતે જ આજે કાશ્મીરમાં પણ વિનાયક ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી. ગણેશ ચતુર્થીના દિવસ સિદ્ધિવિનાયક મંદિરમાં અમે એક યજ્ઞ કરીએ છીએ જે લગભગ ૧૨થી ૧૪ કલાક સુધી ચાલે છે. સ્થાનિક સમુદાયે જણાવ્યું હતું કે ગણેશ ભગવાનની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિનું આજે સાંજે ગણપતિયારમાં ઝેલમ નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું. વર્ષ ૧૯૮૯માં આતંકવાદ ફેલાયા બાદ આવું પહેલીવાર કરવામાં આવ્યું હતું. મૂર્તિને વિસર્જિત કરવા માટે ધામધૂમથી શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

## રાશન લેવા કે ઓફિસ જવા માટે પણ ઉડીને જાય!

# ૧૩૦૦ ઘરના ગામડામાં ઘરે ઘરે સાઈકલની જેમ જોવા મળે છે પ્લેન

। ફ્લોરિડા, તા.૨૦ ।

પ્લેનમાં બેસવું આજે પણ અનેક લોકોનું સપનું હોય છે. લોકો પ્લેનને પસાર થતા આશ્ચર્યથી જોઈ રહેલા હોય છે. એમાં પણ પ્રાઈવેટ જેટ એટલે કે પોતાનું પ્લેન હોવું તો લકઝરી માનવામાં આવે છે. એવામાં આજે એક એવા ગામની વાત કરીશું જેના મોટાભાગના લોકો પાસે પોતાનું પ્લેન છે અને તેમાં જ તેઓ નાસ્તો કરવા માટે અને ફરવા માટે જાય છે. વાત છે અમેરિકાના ફ્લોરિડા પ્રાંતની સ્પ્રૂસ ક્રિક. આ ગામને રેસિડેન્સિયલ એરપાર્ક પણ કહેવામાં આવે છે. આ ગામમાં ૧૩૦૦ ઘર છે. જેમાં ૫૦૦૦ લોકો રહે છે. આમાંથી અડધાથી વધારે એટલે કે ૭૦૦થી વધુ ઘરના લોકો પાસે પોતાનું પ્લેન છે. જે તમને તેમના ઘરની આગળ પાર્ક થયેલા જોવા મળી શકે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ગામમાં રહેતા મોટાભાગના લોકો તાલીમ લીધેલા પાયલટ છે. એવામાં તેઓ પ્લેન રાખે અને ઉડાવે તે સામાન્ય વાત છે. પરંતુ આ ગામમાં અનેક જાણીતા વકીલ, ડૉક્ટર અને એન્જીનિયર્સ પણ રહે છે. તેઓ પણ પ્લેન રાખવાના શોખી છે. તેમણે પણ પ્લેન ઉડાડવાની તાલીમ લીધી છે. પ્લેનને ઉડાવવા અને લેન્ડ કરાવવા ગામની બહાર રનવે છે. ઘરેથી તેઓ કારની જેમ ચલાવતા રનવે સુધી લઈ જાય છે અને ત્યાંથી તેમને ગંતવ્ય સ્થાને પહોંચે છે. મજાની વાત તો એ છે કે, આ ગામના મોટાભાગના લોકો દરેક શનિવારે રનવે પર ભેગા થાય છે અને ત્યાંથી પ્લેન ઉડાવીને પ્રાંતના કોઈ મોટા એરપોર્ટ પર જઈને નાસ્તો કરે છે. જે બાદ તેઓ પરત ફરે છે. જો કે, અમેરિકાનું આ માત્ર એક જ આવું ગામ નથી. ટેક્સાસ, વૉશિંગ્ટન, કેલિફોર્નિયા, એરિઝોના અને કોલોરાડો સહિત અનેક પ્રાંત એવા છે જેમાં આવા નજારા જોવા મળી શકાય છે. અમેરિકાની પ્રતિ વ્યક્તિ આવક ઉંચી છે એટલે તેમનું આવી રીતે પ્લેન ખરીદવું પણ સામાન્ય છે.

# ભારતીય નાગરિકો-છાત્રોને કેનેડામાં દેશ વિરોધી પ્રવૃત્તી સામે સાવચેત રહેવા સલાહ

## ભારતના વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે એક એડવાઈઝરી જાહેર કરી

। નવી દિલ્હી, તા.૨૦ ।

કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટુડોના નિવેદન બાદ ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી ગયો છે ત્યારે આજે વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે એક એડવાઈઝરી જાહેર કરી છે. આ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય નાગરિકો તેમજ વિદ્યાર્થીઓને સલાહ આપવામાં આવે છે કે એવા વિસ્તારો અને સંભવિત સ્થળોએ મુસાફરી કરવાનું ટાળે જ્યાં આવી ઘટનાઓ જોવા મળી હોય, આ સિવાય ભારતીય નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે કેનેડામાં વધતી જતી ભારત વિરોધી પ્રવૃતિઓ અને ગુનાહિત હિંસાને જોતા તમામને અત્યંત સાવચેતી રાખવા વિનંતી કરવામાં આવે છે.

કેનેડામાં ભારતીય નાગરિકો અને ભારતીય વિદ્યાર્થીઓ માટે એડવાઈઝરી.

● ભારતીય નાગરિકો અને મુસાફરી વિશે વિચારતા લોકોને અત્યંત સાવધાની રાખવા વિનંતી કરવામાં આવે છે.

● તાજેતરમાં, ધમકીઓએ ખાસ કરીને ભારતીય રાજદ્વારીઓ અને ભારતીય સમુદાયના વર્ગોને નિશાન બનાવ્યા છે જેઓ ભારત વિરોધી એજન્ડાનો વિરોધ કરે છે.

● તેથી ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ કેનેડામાં એવા પ્રદેશો અને સંભવિત સ્થળોએ મુસાફરી કરવાનું ટાળે જ્યાં આવી ઘટનાઓ જોવા મળી હોય.

● અમારા હાઈ કમિશન/કોન્સ્યુલેટ જનરલ કેનેડામાં ભારતીય સમુદાયની સલામતી અને સુખા-કારીની ખાતરી કરવા માટે કેનેડિયન સત્તાવાળાઓ સાથે સંપર્કમાં રહેવાનું ચાલુ રાખશે.

● કેનેડામાં બગડતા સુરક્ષા વાતાવરણને જોતાં ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓને અત્યંત સાવધાની રાખવાની અને જાગ્રત રહેવાની સલાહ આપવામાં આવે છે.

●ભારતીય નાગરિકો અને કેનેડામાં ભારતના વિદ્યાર્થીઓએ પણ તેમની સંબંધિત વેબસાઈટ અથવા એમએડીએડી પોર્ટલ madad.gov.in દ્વારા ઓટ્ટાવા ખાતેના ભારતના હાઈ કમિશન અથવા ટોરોન્ટો અને વાનકુવરમાં ભારતના કોન્સ્યુલેટ જનરલમાં નોંધણી કરાવવી આવશ્યક છે. નોંધણી હાઈ કમિશન અને કોન્સ્યુલેટ જનરલને કોઈપણ કટોકટી અથવા અપ્રિય ઘટનાની સ્થિતિમાં કેનેડામાં ભારતીય નાગરિકો સાથે વધુ સારી રીતે જોડાવા માટે સક્ષમ બનાવશે.

ભારત સરકારની આ એડવાઈઝરી કેનેડા માટે જવાબ છે કારણકે હજુ એક દિવસ પહેલા જ કેનેડા સરકારે એક એડવાઈઝરી જાહેર કરીને ભારતમાં રહેતા નાગરિકો સાવચેતી રાખવા કહેવામાં આવ્યું હતું. કેનેડા દ્વારા જાહેર કરેલી એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું હતું કે આતંકવાદી હુમાલાના જોખમને ધ્યાનમાં રાખીને ભારતમાં સાવધાની રાખવી જોઈએ તેમજ જો સંભવ હોય તો ભારતમાં બિન-જરુરી યાત્રા ન કરવી જોઈએ. આ પહેલા આતંકી સંગઠને ભારતીયોને તાત્કાલિક કેનેડા છોડવાની ધમકી આપી છે. ખાલિસ્તાન સંગઠન શીખ ફોર જસ્ટિને ભારતીય મૂળના હિંદુઓને તાત્કાલિક કેનેડા છોડવા કહ્યું છે. તેમણે ભારતે સમર્થન આપવા તેમજ નિજ્જરની હત્યાની ઉજવણી કરવા બદલ ભારતીયોને ધમકી આપી છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં વર્ષ ૨૦૧૯થી ખાલિસ્તાન સમર્થક શીખ ફોર જસ્ટિસ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો.

## બેંગલુરુના બાયોલોજિકલ પાર્કમાં સાત દીપડાનાં બચ્ચાનાં મોત

। બેંગલુરૂ, તા.૨૦ ।

બેંગલુરુના એક બાયોલોજિકલ પાર્કમાં ખુબ જ ચેપી વાયરસ ફેલાયાની ઘટના સામે આવી છે જેમાં સાત દીપડાના બચ્ચાના મોત થયા છે. આ કારણે પાર્કમાં ફફડાટ ફેલાયો છે. અધિકારીઓએ ગઈકાલે આ માહિતી આપતા જણાવ્યું હતું કે ફેલિન પેનલ્યુ કોપેનિયા બિલાડિઓનો એક વાયરલ રોગ છે જે પર્વોવાયરસથી ફેલાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બિલાડીના બચ્ચાઓ તેનાથી વધુ પ્રભાવિત થાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર પ્રથમ કેસ ૨૨મી ઓગસ્ટના રોજ સામે આવ્યો હતો, જે સાત દીપડાના બચ્ચાના મોત થયા છે તે ત્રણથી આઠ મહીનાના હતા અને તેમને રસી આપવામાં આવી હતી પરંતુ સારવાર દરમિયાન જ તેમનું મોત થયુ હતું. આ ઉપરાંત બાયોલોજિકલ પાર્કના એક્ઝક્યુટિવ ડાયરેક્ટર એ.વી. સૂર્ય સેને જણાવ્યું હતું કે દીપડાના સાત બચ્ચાને રસી આપવામાં આવી હતી તેમ છતાં તે સંક્રમિત થયા હતા. હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને છેલ્લા ૧૫ દિવસમાં એક પણ બચ્ચાના મોત થયા નથી. આ સિવાય વધુમાં જણાવતા તેઓએ કહ્યું હતું કે તમામ જરુરી પગલા લેવામાં આવ્યા છે અને તમામ જરુરી પ્રક્રિયાનું પાલન કર્યું છે અને અમે વરિષ્ઠ પશુચિકિત્સકોની સાથે પણ આ કેસોની ચર્ચા કરી છે. હાલ સમગ્ર પાર્કમાં સ્વચ્છતા કરવામાં આવી છે તેમજ પાર્કને જીવાણું મુક્ત કરવામાં આવ્યું છે. આ પાર્કમાં ૨૨મી ઓગસ્ટે સંક્રમણનો પહેલો કેસ સામે આવ્યો હતો અને ૧૫ દિવસની અંદર જ સાત સંક્રમિત બચ્ચાના મોત થયા હતા. અમે સફારી ક્ષેત્રમાં નવ દીપડાના બચ્ચાને છોડ્યા હતા.

## વિશેષ

## વડોદરા જિલ્લાના પૂરગ્રસ્ત ગામોમાં પૂરજોશમાં ચાલી રહેલી રાહત કામગીરી

# ખેડૂતોના પાક અને જમીન ધોવાણ અંગે થયેલ નુકસાનીના સર્વે માટે ૧૦૨ ટીમો : ૧૭ ટીમો દ્વારા પશુઓની સારવાર : ઝૂંપડા કાચા પાકા મકાનોના સર્વે માટે ૪૩ ટીમો કાર્યરત

વડોદરા જિલ્લામાં નર્મદા અને મહીસાગર નદીના પૂરને કારણે ડભોઈ તાલુકાના ચાર, શિનોરના ચાર, કરજણના ત્રણ, ડેસરના ત્રણ, વડોદરા ગ્રામ્યના પાંચ, સાવલીના એક અને પાદરા તાલુકાનાં ૧૧ સહિત ૩૧ ગામો અસરગ્રસ્ત થયા હતા. પૂરના પાણી ઓસરતા આ તમામ ગામોમાં યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી સહિત રોગચાળા અટકાયત માટે સઘન કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહિ તમામ ગામોમાં વીજ પુરવઠો પણ પૂર્વવત કરી દેવામાં આવ્યો હોવાનું કલેકટરશ્રી અતુલ ગોરે જણાવ્યું છે.અસરગ્રસ્ત ગામોમાં વિપદાની આ વેળામાં જિલ્લા પ્રસાશન સંપૂર્ણ સંવેદના અને માનવીય અભિગમ સાથે પૂર અસરગ્રસ્તોની પડખે રહ્યું છે.

કલેકટર શ્રી અતુલ ગોર દ્વારા આજે અસરગ્રસ્ત ગામોમાં વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવામાં આવી હતી. કલેકટરશ્રી ગોરે જણાવ્યું કે, આશ્રય સ્થાનોમાં આશરો લઈ રહેલા લોકો પોતાના ઘરે પરત ફર્યા છે. પૂરના પાણી ઘરો અને દુકાનમાં ઘૂસવાથી થયેલી નુકસાનીના સર્વે માટે જિલ્લા વહીવટી તંત્ર ગઠન કરવામાં આવેલી ૩૯ ટીમો સર્વેની કામગીરી કરી રહી છે.

આ ઉપરાંત જે ગામોમાં પૂરના પાણીને કારણે ખેડૂતોના પાક અને જમીન ધોવાણ અંગે થયેલ નુકસાનીના સર્વે માટે ૧૦૨ ટીમો કામગીરી કરી રહી છે. જિલ્લામાં ૧૭ ટીમો દ્વારા ૧૫૭ પશુઓની






સારવાર કરવા સાથે ૩૭૯૭ પશુઓને દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. જરૂર પડે ત્યાં ઘાસચારની વ્યવસ્થા કરવા પણ જણાવવામાં આવ્યું છે.

અસરગ્રસ્ત ગામોમાં ઝૂંપડા કાચા પાકા મકાનોના સર્વે માટે ૪૩ ટીમો કાર્યરત કરવામાં આવી છે.અત્યાર સુધીમાં ૨૦ ગામોમાં સર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જે આજ બુધવાર સાંજ સુધીમાં પૂર્ણ થઈ જાય એ રીતે કામગીરી કરવામાં આવી રહી છે.

પૂર અસરગ્રસ્ત ૩૧ ગામોમાં ૩૮ ટીમો દ્વારા સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગામડાંઓમાં સ્થાનિક ગ્રામ પંચાયત અને ડભોઈના ચાર ગામોમાં ડભોઈ નગરપાલિકા અને વડોદરા મહાનગરપાલિકાની ૬ સહિત ૧૦ ટીમો કામગીરી કરી રહી છે. અસરગ્રસ્ત ગામોમાં પીવાના પાણીની પણ સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે, પૂર અસરગ્રસ્ત ૩૧ ગામડાંઓમાં રોગચાળો અટકાવવા માટેના ૬૫ ટીમો કામગીરી કરી રહી છે. જેમાં મેડિકલ અને પેરા મેડિકલ સહિત ૧૬૪ સ્ટાફ ગામડાંઓમાં ઘરે ઘરે જઈ સર્વેલન્સની કામગીરી કરી રહ્યો છે. અત્યાર સુધીમાં ૫૯૭૭ ઘરોનો સર્વે કરવા સાથે ૭૯ ફળિયાને ચૂનાથી ડસ્ટ કરવામાં આવ્યા છે. ૧૩૫૯ ક્લોરિન ટેસ્ટ,૧૩૬૪૫ ક્લોરિન ગોળી તેમજ ૪૧ હજાર ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે.૪૧ મેડિકલ કેમ્પ દ્વારા ૮૦૭ દર્દીઓની તપાસ કરી દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ગામોના મુખ્ય રસ્તા તેમજ અંદરના રસ્તાઓ પણ ચુનાથી ડસ્ટીન કરવામાં આવશે. દસ હજાર કિલો ચૂનાનો વધારાનો જથ્થો મંગાવવામાં આવ્યો છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, આર.સી.એમ, નિવાસી અધિક કલેકટર ડો.બી.એસ. પ્રજાપતિ સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### જામનગરથી અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન દોડશે

| અમદાવાદ, તા.૨૦ |

સૌરાષ્ટ્રમાં રેલ્વેમાં મુસાફરી કરતા મુસાફરો માટે મોટા સમાચાર સામેં આવી રહ્યા છે. સૌરાષ્ટ્રવાસીઓની પરિવહન સેવામાં વધારો થયો છે અને હવે જામનગરથી અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન દોડાવવા ઉચ્ચ કક્ષાએથી લીલીઝંડી આપી દેવામાં આવી છે. આ ટ્રેનનું ટ્રાયલ પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે અને રવિવારથી સત્તાવાર આ ટ્રેન દોળતી થઈ જશે. સૌરાષ્ટ્રને પ્રથમ વંદે ભારત ટ્રેન મળતા જ મોટી સંખ્યામાં લોકોને તેનો ફાયદો થશે. ખાસ કરીને સૌરાષ્ટ્રના બિઝનેસને વધુ વેગ મળશે. વાત કરીએ સૌરાષ્ટ્રમાં દોળનારી પ્રથમ વંદે ટ્રેનની તો આ ટ્રેન જામનગરથી અમદાવાદ સપ્તાહમાં છ દિવસ દોળશે. હાલ આ ટ્રેનની ટ્રાયલ પ્રક્રિયા ચાલી રહી છે.

### GPSC ફાઈનલ આન્સર કી જાહેર કર્યા બાદ પરિણામ જાહેર કરશે

| ગાંધીનગર, તા.૨૦ |

GPSCની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગની પ્રિલિમરી પરીક્ષાનું પરિણામ હવે રિવાઈઝ થશે. હાઈકોર્ટના ચુકાદા બાદ પરિણામ રિવાઈઝ મુદ્દે નિર્ણય લેવાયો છે. GPSC દ્વારા ફાઈનલ આન્સર કી જાહેર કર્યા બાદ પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, આ નિર્ણયથી વધુ કેટલાક ઉમેદવારો મેઈન્સની પરીક્ષામાં બેસી શકશે અત્રે જણાવીએ કે, GPSC પરીક્ષા આપતા ઉમેદવારોને આનાથી મોટો ફાયદો થશે. પ્રિલિમરી પરીક્ષાનું પરિણામ રિવાઈઝ થવાથી વધુ ઉમેદવારો મેઈન્સ પરીક્ષામાં આપી શકશે.

### રાજસ્થાનમાંથી કરોડોની કિંમતનું MD ડ્રગ્સ ઝડપાયું

| સુરત, તા.૨૦ |

સુરત શહેર ક્રાઈમ બ્રાંચને મોટી સફળતા મળી છે. અંદાજિત ૧૦ કિલો સ્ઢ ડ્રગ્સ ક્રાઈમ બ્રાંચે રાજસ્થાનમાંથી જપ્ત કર્યુ છે. પોલીસે ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ કરી છે. સુરતથી રાજસ્થાન સુધી સ્ઢ ડ્રગ્સનું નેટવર્ક હોવાની વાત સામે આવી છે. યુવાનોને નશાના રવાડે ચડાવી યુવાધનને બર્બાદ થતુ રોકવા માટે છેલ્લા ઘણા સમયથી સુરત પોલીસ દ્વારા ડ્રગ્સ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. અને તે રંગ પણ લાવી રહી છે.



સાબરમતી રિવરફ્રન્ટમાં ગણપતિ વિસર્જન કરી રહેલ શ્રદ્ધાળુઓ.

#### ગુજરાત ફાર્મસી કાઉન્સિલ પર કબજો જમાવવા એબીવીપી મેદાનમાં

# ફાર્મસી કાઉન્સિલ પર કબજા માટે વિકાસ પેનલ સામે ફાર્મા ગૌરવ પેનલનો જંગ

### ૧૬ ઓક્ટોબર સુધી ૩૨ હજાર ફાર્માસિસ્ટ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન બાદ નવ નવેમ્બરે પરિણામ જાહેર થશે

| અમદાવાદ, તા.૨૦ |

ગુજરાત ફાર્મસી કાઈન્સિલ પર કબજો જમાવવા વિકાસ પેનલ અને એબીવીપી તથા ધી ગુજરાત સ્ટેટ કેમ્સ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનન્સની સંયુક્ત પેનલ વચ્ચે જંગ થશે. સાદી ટપાલથી યોજાતી ચૂંટણી હવે રજિસ્ટર એડિથી જ યોજાવાની હોઈ વધુ રસાકસીભરી બને એવી શક્યતા છે. જોકે, ભાજપ ના મેન્ડેટથી ચૂંટણીમાં ઝંપલાવ્યા બાદ પક્ષે વિકાસ પેનેલના મોવડીના કૌભાંડથી લાજ બચાવવા પેનલ રદ કરી દેતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને ધી ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ત એસોસિએશે સંયુક્ત રીતે તેમની પેનલને ચૂંટણીમાં ઊતારી છે. ફાર્મા ગૌરવ પેનલે એબીવીના ત્રણ અને એફજીએસસીડીએના ત્રણ ઉમેદવારોને ચૂંઠણીમાં ઊતાર્યા છે. જે ઉમેદવારોમાં મહેસાણાના તન્મય પટેલ, અમદાવાદના જીતુલ પટેલ, વડોદરાના હસમુખ વાઘેલા, મહેસાણાના હિતેન્દ્ર પટેલ, રાજકોટના સત્યેન પટેલ અને સુરતના ભાખાલાલ ગોયાણીનો સમાવેશ થાય છે. ગૌરવ પેનલે ચૂંટણી માટે બહાર પાડેલા સંકલ્પ પત્રમાં ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ ના રિજનલ હેલ્પ સેન્ટર જોન પ્રમાણે ચાલુ કરવા, ગુજરાત રાજ્ય ના તમામ રજીસ્ટર ફાર્મસીસ્ટ ને જીવન વીમો અને એક્સીડન્ટ વીમોં આપવા અને ગુજરાત રાજ્ય માં અલગ અલગ વિભાગ માં ફરજ બજાવતા ફાર્મસીસ્ટ ને એક રૂફ નીચે લાવી ફાર્મસીસ્ટ ના હક નું રક્ષણ કરવા સહિતના અગત્યના મુદ્દાઓ ઉપરાંત ઓનલાઈન ફાર્મસી બંધ કરાવવા ના પ્રયત્નો ચાલુ છે અને એ ઓનલાઈન ફાર્મસી બંધ થાય ત્યાં સુધી કરતા રહેવાની વાતનો સમાવેશ કર્યો હતો.

#### વાઈબ્રન્ટ સમિટ પહેલા વધુ પાંચ એમઓયુ થયા

# ગુજરાતમાં CMની ઉપસ્થિતિમાં ૧૦૯૫ કરોડના ૫ MoU સંપન્ન

### રાજ્ય સરકારે રાજ્યમાં મૂડીરોકાણો મેળવવા માટે વિવિધ ઉદ્યોગકારો સાથે MoU કરવાનો નવતર ઉપક્રમ યોજ્યો છે

| અમદાવાદ, તા.૨૦ |

આગામી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાનારી ૧૦મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પુર્વાર્ધ રૂપે આજે વધુ પાંચ MoU સંપન્ન થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયેલા આ પાંચ MoU દ્વારા કુલ ૧,૦૯૫ કરોડ રૂપિયાના સંભવિત રોકાણો રાજ્યમાં આવશે. એટલું જ નહીં, આના પરિણામે આગામી વર્ષમાં ૧,૨૩૦ જેટલા રોજગાર અવસર પણ ઊભા થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આગામી વાયબ્રન્ટસ સમિટની શરૂઆત પૂર્વે જ રાજ્ય સરકારે રાજ્યમાં મૂડીરોકાણો મેળવવા માટે વિવિધ ઉદ્યોગકારો સાથે MoU કરવાનો નવતર ઉપક્રમ યોજ્યો છે.આ ઉપક્રમમાં જુલાઈ-૨૦૨૩થી અત્યાર સુધીમાં ૭ તબક્કામાં કુલ ૧૩,૫૩૬ કરોડ રૂપિયાના સંભવિત રોકાણો માટેના MoU થયા છે. આ MoU સાકાર થતા સમગ્રતયા ૫૦,૭૧૭ જેટલા રોજગાર અવસરો રાજ્યમાં ઊભા થશે. પ્રતિ સપ્તાહના પ્રારંભે MoU કરવાના આ ઉપક્રમ અંતર્ગત બુધવારે થયેલા પાંચ MoU અવસરે ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાશનાથન, મુખ્ય સચિવ રાજકુમાર તથા અધિક મુખ્ય સચિવઓ અને વરિષ્ઠ સચિવો અને MoU કરનારા ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓ જોડાયા હતા. નવા રોકાણથી ૧૨૩૦ જેટલા રોજગાર ઉભા થશેઆજે થયેલા MoUમાં પેકેજીંગ મટિરિયલ ઉત્પાદન, પ્લાસ્ટિક, ટેક્ષટાઈલ અને રિન્યુએબલ સેક્ટરના પ્રોજેક્ટસ, ફોર્મ્યુલેશન અને API તથા ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટમાં ખાદ્યતેલ, ગ્રીન ટી, રેડિ ટુ ઈટ ગુજરાતી ખીચડી, દેશી ગીર ગાયનું ઘી અને મધ ઉત્પાદન તથા ગ્રીનફિલ્ડ પ્લાન્ટ અંતર્ગત રેડી ટુ કુક પ્રોડક્ટસ માટેના રૈંનો સમાવેશ થાય છે.



બુધવારે સમાપાંચમ હોવાથી મહિલાઓએ સાબરમતી નદીમાં સ્નાન કર્યું હતું.

### ૧૪ વર્ષની સગીરાને કિડનેપ કરી દોઢ લાખમાં વેચી

| સુરત, તા.૨૦ |

સુરતના ઉન ગામેથી ૯ વર્ષ પહેલા ગુમ થયેલી દીકરીને બનાસકાંઠામાં વેચી દેવામાં આવી હોવાનું સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. હાલ પોલીસે બનાસકાંઠાથી એક આરોપીને ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસની તપાસમાં મોટું કૌભાંડ બહાર આવી તેવી શક્યતા છે. મળતી માહિતી અનુસાર, સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ઉન ગામેથી ૯ વર્ષ અગાઉ એક ૧૪ વર્ષની સગીરા (જે સમયે ઘટના બની ત્યારે ઉંમર ૧૪ વર્ષ હતી) લાપતા થઈ ગઈ હતી. જેથી સગીરાના પિતાએ જે-તે સમયે પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. તે સમયે યુવતીના ઘર પાસે રહેવા આવેલા તેમની જ્ઞાતિના ૩૭ વર્ષીય સમીરે તેનું અપહરણ કર્યું હોવાનું પિતાએ પોલીસ સ્ટેશનમાં જણાવ્યું હતું. જે ફરિયાદ નોંધાયા બાદ બંને લાપતા થઈ ગયા હતા. આ ઘટનાના ૯ વર્ષ બાદ દીકરીએ અચાનક પિતાને ફોન કર્યો હતો અને સમગ્ર હકીકત જણાવતા પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

#### તોફાની ગેંગના તમામ સભ્યો ગુનાહિત ઇતિહાસ ધરાવે છે

# આજ કુછ તુફાની કરતે હૈ કોડવર્ડ સાથે ચેઇન સ્નેચિંગ કરતી ગેંગનો પર્દાફાશ

### ચેઇન સ્નેચિંગ કર્યા બાદ લૂંટ કરેલી ચેઈનને ગોળ ગોળ ફેરવતા ફેરવતા નિકળી જતા અને રીંગરોડ પર કોઈ હોટલ કે ઢાબા પર જઇ થમ્સઅપ અને વેફરની પાર્ટી કરતા હતા

| અમદાવાદ, તા.૨૦ |

પોલીસે જે બે આરોપીઓની ધરપકડ કરી છે, તેમના નામ મોહમ્મદહયાન અન્સારી અને મોહમ્મદમોઈન શેખ છે. બંને આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી મોહમ્મદહયાન અંસારી અને મોહમ્મદમોઈન શેખ બન્ને આરોપીઓ તથા અન્ય બે વ્યકિત તુફેલ ઉર્ફે માઉઝર શેખ તેમજ ઈમરાન ઉર્ફે કાણો મેવાતી આ ચારેયની એક ગેંગ હતી.

ક્રાઈમ બ્રાન્ચે તુફાની ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે, જ્યારે અન્ય બે સભ્યો હજી પણ પોલીસ પકડથી દૂર છે. તોફાની ગેંગના તમામ સભ્યો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. "આજ કુછ તુફાની કરતે હૈ, કોડવર્ડનો ઉપયોગ કરી ચેઈન સ્નેચિંગ કરતા હતા. ચેઈન સનેચિંગ કર્યા બાદ હોટલ પર ઠંડા પીણા અને વેફરની પાર્ટી કરતા હતા. અમદાવાદ શહેર અને ખાસ કરીને પૂર્વના વિસ્તારોમાં ચેઈન સ્નેચિંગની અનેક ફરિયાદો પોલીસ મથકમાં નોંધાઈ હતી. જેને લઈને પોલીસ પણ સતર્ક બની હતી અને આ ચેઈન સ્નેચિંગોને શોધવા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે, શહેરના નિકોલ વિસ્તારમાં સ્નેચિંગ કરેલા ચેન વેચવા માટે અમુક લોકો આવી રહ્યા છે. જેના આધારે પોલીસે નારોલ વિસ્તારમાંથી બે લોકોની ધરપકડ કરી છે.

પોલીસે આ બંનેની પૂછપ રછ કરતાં ચોકાવનારી વિગતો સામે આવી છે. પોલીસે જે બે આરોપીઓની ધરપકડ કરી છે, તેમના નામ મોહમ્મદહયાન અન્સારી અને મોહમ્મદમોઈન શેખ છે. બંને આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આરોપી મોહમ્મદહયાન અંસારી અને મોહમ્મદમોઈન શેખ બન્ને આરોપીઓ તથા અન્ય બે વ્યકિત તુફેલ ઉર્ફે માઉઝર શેખ તેમજ ઈમરાન ઉર્ફે કાણો મેવાતી આ ચારેયની એક ગેંગ હતી. જે તેમની ગેંગને "તુફાની ગેંગ" તરીકે ઓળખાવતા હતા.આ ચારેય કોઈ કામ ધંધો કરતા નહિ. જ્યારે રૂપિયાની જરૂર હોય ત્યારે એકબીજાને ફોન કરી "આજ કુછ તુફાની કરતે હૈ" એમ જણાવી ભેગા થતા અને મોહમ્મદહયાનનું નંબર વગરનું બાઈક લઈ ચેઈન સ્નેચિંગ કરવા નીકળી જતા.

ચેઈન સ્નેચિંગ કર્યા બાદ લૂંટ કરેલી ચેઈનને ગોળ ગોળ ફેરવતા ફેરવતા નિકળી જતા અને રીંગરોડ પર કોઈ હોટલ કે ઢાબા પર જઈ થમ્સઅપ અને વેફરની પાર્ટી કરતા હતા. છેલ્લા એક મહિનામાં આ તુફાની ગેંગ દ્વારા વહેલી સવાર તથા મોડી રાતના સમયે મણીનગર, કાલુપુર અને કાગડાપીઠ વિસ્તારમાં ટુ વ્હીલર તથા ચાલતા જઈ રહેલા લોકોના ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ કરી હતી. જે સોનાની ચેઈન વેચાણ કરવા માટે જતા પોલીસે પકડી પાડયા હતા.આ ગેંગના સભ્યો ગુનાહીત ઈતિહાસ પણ ધરાવે છે.

### પોષણ માસના 'પઢાઈ ભી, પોષણ ભી' અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત કાર્યક્રમનું આયોજન



| અમદાવાદ, તા.૨૦ |

પોષણ માસના 'પઢાઈ ભી, પોષણ ભી' અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગ અંતર્ગત ઘટક ૪ ના ઈન્દ્રપુરી વોર્ડમાં પ્રકાશનગર ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્દ્રપુરી વોર્ડની પ્રકાશનગર આંગણવાડીના ૩૦ જેટલા બાળકોને દફતર તથા ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આઈ.સી.ડી.એસ. વિભાગના જુદા જુદા ઘટક અંતર્ગત અર્બન હેલ્થ સેન્ટર ખાતે આંગણવાડીની લાભાર્થી કિશોરીઓની આરોગ્ય તપાસ તથા હીમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી. પોષણ માસ અંતર્ગત યોજાયેલા ઉપરોક્ત કાર્યક્રમોમાં ઈન્દ્રપુરી વોર્ડના ચેરમેન શ્રી કૌશિકભાઈ, કોર્પોરેટર શ્રી ચંદ્રકાંતભાઈ, વિસ્તારનાં આગેવાનો તથા અન્ય સભ્યો હાજર રહ્યાં હતાં.

# IT રિટર્ન ફાઇલ કરવાની તારીખ ફરીવાર લંબાવાઇ

| અમદાવાદ, તા.૨૦ |

ઈક્રમ ટેક્સ વિભાગ દ્વારા જે લોકો આઈટી રિટર્ન ફાઈલ કરે છે તેમના માટે એક મહત્વપૂર્ણ સુચના જારી કરવામાં આવી છે, ઈક્રમ ટેક્સ વિભાગ તરફથી જાણકારીમાં જણાવાયા અનુસાર ઈક્રમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની તારીખ લંબાવવા નિર્ણય કરાયો છે. જેને લઈને હવે તમેં નવી તારોખ સુધી તમે વેબસાઈટ અથવા ઓફલાઈનથી ટેક્સ્ટ રિટર્ન ફાઈલ કરી શકશો. જે મુજબ ૩૦ નવેમ્બર ૨૦૨૩ નવી તારીખ નક્કી કરાઈ છે. ક્યાં લોકોને ફાયદો નહિ મળે બીજી બાજુ કંપનીઓને પોતાના એકાઉન્ટને ઓડિટ કરાવવાની જરૂર છે તેમના માટે ઓડિટ રિપોર્ટ રાજુ કરવાની નિયત તારીખને વધારવામાં આવી છે. નવી તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ છે, નવી તારીખ જાહેર થયાં બાદ કોને ફાયદો મળશે તેના વિશે વાત કરીએ તો તેનો લાભ સામાન્ય ટેક્સ પેયર્સને નહિ મળે. આવું એટલા માટે કારણ કે સામાન્ય લોકો માટે તારીખમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ઈક્રમ ટેક્સ વિભાગના જણાવ્યા પ્રમાણે ધર્માર્થ ટ્રસ્ટ, ધાર્મિક સંસ્થાઓ માટે ઈક્રમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની તારીખને વધારીને ૩૦ નવેમ્બર કરવામાં આવી છે.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨